॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૩ - જાન્યુઆરી ૨૦૧૮ રૂ. ૫/૦૦

## ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર મુન્દ્રાનો
## મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો











# ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર મુન્દ્રાનો
# મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો





















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥



## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ -૪ | ૫ |
| સત્ય સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે | ૮ |
| ગેબી તાંત્રિક | ૯ |
| હરિદ્વાર મધ્યે ભવ્ય સત્સંગ શિબિર | ૧૦ |
| સેવાની સુગંધ | ૧૧ |
| નિર્મળ સંતોને જોઇને મારું મન અહીંના સત્સંગમાં રહેવા લલચાયુ છે !! | ૧૨ |
| સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીનો અક્ષરવાસ | ૧૩ |
| ધોલેરાનાં ફૂલીબા | ૧૪ |
| બેનબા રાજબા સાસરે જાવ, અમો જરૂર આવીશું!!! | ૧૫ |
| ચોરના હાથનું જમવાથી... | ૧૭ |
| તમે પાપનો બાપ ભણ્યા છો? | ૧૭ |
| પનોતીનો પનારો | ૧૮ |
| સત્સંગ સમાચાર દેશ | ૧૯ |
| બાલ સંદેશ : ફૂલો લઇએ કાંટા નહિ | ૩૨ |
| શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી | ૩૪ |



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪   કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭  અંક-૯  જાન્યુઆરી-૨૦૧૮
સળંગ અંક-૩૮૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



આ અંક જ્યારે આપના હાથમાં આવશે ત્યારે ધનુર્માસના અંતિમ દિવસો ચાલતા હશે. હરિભક્તો વહેલી સવારે મંદિરે પહોંચી ધૂનમાં ભાગ લે છે. શ્રી નરનારાયણદેવ ભુજ ધામ દ્વારા સત્સંગની મશાલ પ્રજ્વલિત રખાઈ છે. કચ્છના સત્સંગીઓ જ્યાં જ્યાં દેશ કે વિદેશમાં વસ્યા છે ત્યાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મ જાળવી રાખ્યો છે. એ જાળવવામાં ભુજ ધામના પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી વડીલ અને યુવાન સંતો ભક્તિમય વાતાવરણ અસ્ખલિત રાખે છે. સર્વત્ર ધર્મનો મહિમા પ્રસરાવવા મંદિરોનું નિર્માણ ભુજધામ દ્વારા કરવામાં આવ્યા છે અને જ્યાં સત્સંગી  વસે છે અને મંદિર નથી ત્યાં પ્રથમ ઘર મંદિર અને સમય જતાં વિશાળ મંદિરોનું નિર્માણ કરવામાં આવી રહ્યાં છે. સત્સંગીઓની ધર્મની ભૂખ મટાડવા ભુજ ધામના મહંત સ્વામીશ્રી અને સંતો અવિરત પ્રયાસ કરતા જ રહે છે. ધર્મની સાથે શિક્ષણ અને સંસ્કારની જ્યોત પણ ઝળહળતી રહે તેનો વધુને વધુ પ્રસાર થાય તેની પણ સતત ખેવના સંતો રાખે છે. કન્યા શિક્ષણ સંસ્કારના પ્રયાસો  પણ અવિરત રાખ્યા છે. ભુજ-મીરજાપર માર્ગે અદ્યતન શિક્ષણની જ્યોત પ્રગટાવી છે. ભુજ ધામની બધી જ દેશ-વિદેશની પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશમાં અચૂક જોવા મળે છે. આપ તો આ નિયમિત પ્રગટ થતા અંક દ્વારા મંદિર સાથે માનસિક રીતે જોડાયેલા છો જ પરંતુ આપના સગાસંબંધી હેતુઓને પણ આ અંકના નિયમિત વાચનમાં જોડવા સભ્ય બનાવશો જેથી તેઓ પણ ધર્મ-ભક્તિમય બની પોતાના જીવનને ધન્ય બનાવી શકે. એક સદ્‌પ્રવૃત્તિના આપ પણ સહભાગી બનશો.

હાલમાં ચાલતા ધનુર્માસમાં રોજ વહેલી સવારે ભુજ ધામમાં તથા દરેક પેટા મંદિરોમાં વહેલી સવારે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થાય છે. હરિભક્તો તેમાં ભાગ લઈ ધન્યતા અનુભવે છે. તેમનો આખો દિવસ આહ્‌લાદક બની જાય છે. ધનુર્માસ વિદ્યાભ્યાસ માટેનો પણ ઉત્તમ સમય છે. સ્વંય ભગવાન શ્રીકૃષ્ણે સાંદિપનિ ઋષીના આશ્રમમાં રહી આ સમયમાં વિદ્યાભ્યાસ કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ નીલકંઠ સ્વરૂપે રહીને આ સમયમાં હરિભક્તો અને સંતોને પ્રભાતે વહેલા જગાડીને યોગાભ્યાસ કરાવીને ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવતા. ધનુર્માસની પૂર્ણાહુતિએ મકરસંક્રાંતિ આવે છે. એમાં તલ, ગોળ, શેરડી, બોર, મોગરી, વસ્ત્ર વગેરેના દાનનો મહિમા ઘણો છે. ધનુર્માસ અને મકરસંક્રાંતિનો મહિમા ખુદ શ્રીજી મહારાજે ખૂબ જ વર્ણવ્યો છે અને જાતે તેમનો મહિમા વધાર્યો છે. આપણે તેમના આશ્રિત હોઈ એમના કહ્યા અને કર્યા મુજબ તન,મન અને ધનથી ઉજવીએ અને કૃતાર્થ થઈએ.

સત્સંગિજીવન મહાગ્રંથના ચતુર્થ પ્રકરણના ૫૯માં અધ્યાયમાં ધનુર્માસ ઉત્સવ વિધિ નિરૂપણ કરતાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહ્યું છે કે, ‘‘સૂર્ય ધનુરાશિમાં પ્રવિષ્ઠ થતાં જ વૃતારંભે ઉષ્ણ જળ વડે આપણા ઈષ્ટદેવને સ્નાન કરાવી વસ્ત્રો પહેરાવી લક્ષ્મી સહિત નારાયણની નિત્ય પૂજા કરવી. નૈવેધમાં તલ સહિત ચુરમાના મોદક, અડદિયા, માખણ, દહીં વગેરે ધરવાં. ત્યારબાદ અંતરમનથી હરિનામ સંકીર્તન કરવું.’’

શ્રીજી મહારાજના લાડીલા ભક્તોએ ધનુર્માસના પવિત્ર દિવસોમાં અને દરરોજ મંદિરે જઈ શ્રીસ્વામિનારાયણ મંત્રનું હૃદયના ભાવપૂર્વક ઉચ્ચારણ કરવું અને ભગવાનની કૃપા પ્રાપ્ત કરવી. અને મોંઘો મનુષ્યદેહ સફળ કરી લઈએ.

જય શ્રી સ્વામિનારાયણ!

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ-૪

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી - ભુજ (વેદાન્તાચાર્ય)

### ઉદ્ધવ સંપ્રદાયમાં તત્વનિર્ણય

શ્રીરામાનુજાચાર્ય દ્વારા શ્રીભાષ્યના સમન્વય અધ્યાયમાં પ્રતિપાદિત તત્ત્વનિર્ણયને સ્વયં શ્રીહરિએ પોતાના સિદ્ધાન્તના રૂપમાં સ્વીકાર કર્યો છે.

**તત્ત્વનિર્ણય શું છે ? જીવ, માયા** અને **ઈશ્વર. જીવ-** ચેતન છે. **માયા-** અચેતનરૂપ છે. અને **ઈશ્વર-** ચેતનાચેતનમાં અવિદિત અન્તર્યામીરૂપે રહેલ ભગવાન વાસુદેવ પુરુષોત્તમ છે. એજ ભગવાન ચતુર્મુખ બ્રહ્મા દ્વારા સ્રષ્ટા, રુદ્ર દ્વારા પ્રલયકર્તા, અને વિષ્ણુ દ્વારા રક્ષક છે.

**''औद्धवसम्प्रदायप्रसिद्धः 'माया जीव ईश्वरो ब्रह्म परंब्रह्मेति पञ्चतत्त्वभेदोऽप्यत्र संसूचितः । इदं च तत्त्वपञ्चकं तत्त्वत्रयान्तर्गतमेव काणादोक्तसप्तपदार्थ्यन्तर्गतेव गौतमोक्ता षोडशः पदार्थाः ।'**(ब्रह्ममीमांसायाः प्रस्तावना)

ઉદ્ધવ સંપ્રદાયમાં પ્રસિદ્ધ - **જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ** અને **પરબ્રહ્મ** આ પાંચ તત્ત્વભેદ જે સ્વીકારવામાં આવે છે તે તત્ત્વત્રયમાં અંતર્ગત છે. જેવી રીતે ગૌતમ મુનિ દ્વારા પ્રતિપાદિત સોળ પદાર્થોને કણાદ ઋષિએ સાત પદાર્થોમાં અંતર્ગત કરી દીધા.

**''तत्र जीवा देवादिचतुर्विधभूतराशयः कथ्यन्ते ।**

પાંચ અનાદિ ભેદ તત્ત્વોમાં જે **જીવ તત્ત્વ** છે તે દેવ,મનુષ્યાદિ ચાર પ્રકારના છે. તેમાં બદ્ધજીવ અને મુક્તજીવ એમ બે પ્રકારના છે. બદ્ધજીવો છે તે સંસારમાં રહે છે અને મુક્તજીવો છે તે સંસારથકી મુક્ત થઈને ભગવાનના ધામમાં રહે છે. તેવો કેવી રીતે મુક્ત થયા અને કેવી રીતે રહે છે તે કહે છે -

**शास्त्रचोदितैरुपायविशेषैर्जनितेन भगवत्प्रसादेनात्यन्त-निवृत्तसंसाराः संकोचरहितभगवदनुभवेन निरतिशयानन्दाः स्थिताः**

(श्रीमद्रहस्यत्रयसार-अर्थपञ्चकाधिकारः)

મુક્તજીવો છે તે શાસ્ત્રોમાં કહેલ ઉપાયોથી પ્રસન્ન થયેલા ભગવાનની કૃપાથી સંસારથકી નિવૃત્તિ પામીને સંકોચ રહિત ભગવાનના આનંદનો મહાન અનુભવ કરતા થકા રહેલા છે.

**''ब्रह्माण्डैश्वर्यादिप्राप्तिमन्तश्च ईश्वरा इति परिभाष्यन्ते ।''**

**ઈશ્વર** - બ્રહ્માદિક ઐશ્વર્યવાન આધિકારિક દેવો છે.

**ब्रह्मः - ''ईश्वरवदनादिसिद्धात् ज्ञानसंकोचाभावात् ''सक्यस इव ये नित्यनिर्दोषगन्धाः'' इतिरीत्या अस्पृष्टसंसाराः सन्तो नित्यकैङ्कर्यं कुर्वाणाः अनन्तगरुडविष्वक्सेनादयः ।** (श्रीमद्रहस्यत्रयसार-अर्थपञ्चकाधिकारः)

**બ્રહ્મ** - પરમાત્માની જેમ અનાદિ સિદ્ધ, જ્ઞાનસંકોચ રહિત, સદાય નિર્દોષ, જેઓને ક્યારેય સંસારનો સ્પર્શ થયો નથી, સદાય પરમાત્માની સેવામાં રહેલા અનંત,ગરુડ, વિષ્વક્સેન, અક્ષરધામ આદિ નિત્ય **બ્રહ્મ શબ્દ**થી કહેલા છે.

**માયા - ''त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः'' ( शिक्षापत्री ) ''माया वयुनम् ज्ञानम्'' ( श्रीभाष्यम् )**

ત્રણગુણવાળી માયા ભગવાનની શક્તિરૂપા અને તેનું શરીર છે.

**પરબ્રહ્મ - ''ईश्वरशब्दितहिरण्यगर्भादिभेद ईक्षतिकर्माधिकरण-कार्याधिकरणादौ परब्रह्मशब्दितस्य परमात्मनः संसूचितः'' ईक्षतिकर्माधिकरणे हि जीवघनात्परात्परः पुरिशयः पुरुष दिव्यो देव एको नारायण एव, न तु हिरण्यगर्भ इति स्थापितम् । अर्चिरादिगतिप्राप्यं परंब्रह्मैव न**

**हिरण्यगर्भ इति च कार्याधिकरणे । अतो हिरण्यगर्भादीश्वरभेदः परब्रह्मणः परमात्मनः परमेश्वरस्य नारायणस्य सिद्धः ।'' ( ब्रह्ममीमांसायाः प्रस्तावना )** બ્રહ્મસૂત્રમાં ઈશ્વર શબ્દ વાચ્ય હિરણ્યગર્ભથી ભિન્ન ઈક્ષતિ, કર્મ, કાર્યાધિકરણોમાં પરબ્રહ્મ શબ્દ વાચ્ય પરમાત્મા કહ્યા છે. ઈક્ષતિ-કર્માધિકરણમાં જીવાત્માથી પર એક પુરુષ જે દિવ્ય દેવ નારાયણ જ છે. હિરણ્યગર્ભ નથી. અર્ચિરાદિગતિથી પ્રાપ્ય પરંબ્રહ્મ જ છે, હિરણ્યગર્ભ નથી એવું કાર્યાધિકરણમાં કહ્યું છે. તેથી હિરણ્યગર્ભથી ભિન્ન પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર નારાયણ છે એવું સિદ્ધ થાય છે.

આ પ્રમાણે જીવ, ઈશ્વર અને બ્રહ્મ આ ત્રણે જીવ તત્ત્વમાં અંતર્ગત છે. પછી માયા તત્ત્વ અને પરબ્રહ્મ તત્ત્વ એમ મળીને અંતે ત્રણ તત્ત્વો જ રહ્યાં. આ ત્રણેનાં લક્ષણ શિક્ષાપત્રીમાં સ્પષ્ટ પણે કહ્યાં છે.

આ પ્રમાણે શ્રીરામાનુજાચાર્ય શ્રીભાષ્યમાં તત્ત્વત્રય (જીવ,માયા અને ઈશ્વર) નાં જે લક્ષણ બતાવ્યાં છે એજ લક્ષણ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં બતાવ્યા છે.

**हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रुपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।**
**ज्ञानशक्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥**
**त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः।**
**जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥**
**हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।**
**ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥**

(शि. श्लो. १०५-६-७)

શ્રીહરિ પ્રતિદિન શ્રીભાષ્યની સાથે વ્યાસસૂત્રની કથા સાંભળતા હતા. સત્સંગિજીવનમાં કહે છે-

**श्रीभाष्येण सहैवासो व्याससूत्राणि तत्र च ।**
**अपराह्णेऽन्वहं राजन् ! शुश्राव परया मुदा ।**
**रामानुजाचार्यकृतिं प्रशंसंस्तकथां हरिः ।**
**तिथौ धनत्रयोदश्यां समाप्याऽर्चिश्च वाचकम् ॥**

શ્રીરામાનુજાચાર્ય અભિમત **જીવ-માયા-ઈશ્વર** આ તત્ત્વત્રયનો વાસ્તવિક ભેદ શ્રીપુરુષોત્તમના દિવ્યાકારત્વં, દિવ્યવિભૂતિમત્ત્વં માયાથી પર થઈને જીવ દાસ ભાવથી ઈશ્વરની ઉપાસના કરે છે એજ સિદ્ધાન્ત ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વીકાર્યો છે.

હરિવાક્યસુધાસિન્ધુમાં પણ આ સિદ્ધાન્તની વાત કરી છે-

**विशिष्टाद्वैतसिद्धान्तो मतो रामानुजेन तु ।**
**जीवेशमायाभेदश्च तात्त्विको न तु कल्पितः ।**
**आकारो वैभवैश्वर्यं दिव्यं भगवतस्तथा ।**
**दास्येनोपासना तस्य कार्यजीवैः सदेति च ।**
**रामानुजाचार्यमतश्चोपास्यः पुरुषोत्तमः ॥**

(हरि.लोया.तरङ्ग.१४श्लो ६.७.४२)

આ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે શ્રીહરિનો સિદ્ધાન્ત શ્રીરામાનુજાચાર્યના સિદ્ધાન્તથી સર્વાંશે એક જ છે.

લોયાના ૧૪મા વચનામૃતમાં શ્રીજી મહારાજ પરમહંસ પ્રત્યે કહે છે-

**''પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે,''પૂર્વે આચાર્ય થઈ ગયા છે તેમની પૃથક્ પૃથક્ રુચિ છે, તેમાં શંકરસ્વામીને અદ્વૈતજ્ઞાનાંશ પ્રધાન જણાય છે. તથા રામાનુજનો એમ મત છે જે, 'જીવ, માયા અને પુરુષોત્તમ એ ત્રણે નિત્ય છે ને પુરુષોત્તમ છે, તે જીવ માયાના નિયંતા છે, ને સર્વના કારણ છે, ને પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકાર થકી વિરાજમાન છે, ને સર્વે જે અવતાર તે તેના છે એવા જે પુરુષોત્તમનારાયણ તેની ઉપાસના જીવને કરવી.' એવી રીતે રામાનુજની સમજણ જણાય છે.''** (વચનામૃત. લોયા.૧૪)

શિક્ષાપત્રીમાં પણ શ્રીરામાનુજ સિદ્ધાન્તને સ્વસિદ્ધાન્તના રૂપમાં સ્વીકાર કરતાં ઉત્કૃષ્ટ પ્રમાણની

સાથે સ્પષ્ટ કહે છે -

**मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।**
**तत्र ब्रह्मात्माना कृष्णसेवा मुक्तिश्चावगम्यताम् ।**
(शि. श्लो.१२१)

શિક્ષાપત્રી ભાષ્યમાં શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની ઉત્તમ વ્યાખ્યા લખતાં કહે છે -**''विशिष्टाद्वैतं मे - मम सिद्धान्तः । लोके द्वैताद्वैतशुद्धाद्वैत-विशिष्टाद्वैतादीनि मतानि प्रसिद्धानि सन्ति, तत्र विशिष्टाद्वैताख्यं श्रीरामानुजाचार्यप्रवर्तितं मतं मे मतमस्तीति ज्ञेयम् । एतेन स्वसम्प्रदायस्य श्रीरामानुजसम्प्रदायमूलकत्वमपि सूचितमित्यपि ज्ञेयम् ।''** (शि.भाष्यम्)

શ્રીહરિ કહે છે કે -અમારો સિદ્ધાન્ત વિશિષ્ટાદ્વૈત છે. લોકમાં શાસ્ત્રોના સિદ્ધાન્ત સમજાવા માટે આચાર્યો દ્વારા અનેક મતો પ્રવર્તિત થયા છે જેમ કે - શ્રીમધ્વાચાર્યનો દ્વૈત, શ્રીશંકરાચાર્યનો અદ્વૈત, શ્રીવલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત, શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત આદિ; પરંતુ શ્રીહરિ કહે છે આ બધા સિદ્ધાન્તોમાં શ્રીરામાનુજાચાર્ય પ્રવર્તિત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્ત અમને સ્વીકાર્ય છે. આ પ્રમાણે સંપ્રદાયના સર્વે ભક્તોએ જાણવું. **ક્રમશઃ**

## :: ધર્માદો ::

**શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા પ્રમાણે પોતાની કમાણીમાંથી દશમો કે વિશમો ભાગ ધર્માદો શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો જોઇએ. આપણને શ્રીજી મહારાજ તે તે પ્રદેશને દેવ પધરાવી આપ્યા છે, એટલા માટે તે તે દેશના ભક્તોએ તે તે દેશના દેવને ધર્માદો અર્પણ કરવો જોઇએ. આપણે કચ્છના ભકતો દેશમાં કે પરદેશમાં રહેતા હોઇએ તો પણ આપણો ધર્માદો ભુજ શ્રી નરનારાયણદેવના કોઠારમાં અર્પણ કરવો. ભુજ મંદિરમાં દાન ધર્માદો અર્પણ કરવા માટે નિચે પ્રમાણેના બેંક ખાતામાં જમા કરાવી શકો છો.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010100039589 - IFSC CODE : BKID0003800**

**શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010110004425**
**IFSC CODE : BKID0003800**

## આમંત્રણ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ ઉપસનાની દૃઢતા માટે ઠેક ઠેકાણે નવા મંદિરોના નિર્માણ કરવાની સેવા ભુજ મંદિર દ્વારા કરવામાં આવી રહી છે. આવા જ એક અંજાર તાલુકાના નિંગાળ ગામે મંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે.**

**નિંગાળ મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ત્રિદિનાત્મક પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ નીચે મુજબના દિવસોમાં કરવામાં આવશે.**

**પ્રારંભ : ફાગણ વદ ૪ તા. ૫-૩-૨૦૧૮ સોમવાર**
**પૂર્ણાહુતિ : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ બુધવાર**
**મૂર્તિપ્રતિષ્ઠા : ફાગણ વદ ૬ તા. ૭-૩-૨૦૧૮ના રોજ**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા વડીલ સંતો તેમજ દાતાશ્રીઓ ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરશે.**

**તા. ૪-૩-૨૦૧૮ ફાગણ વદ ૩ રવિવારના સાંજે ૪:૩૦ કલાકે પોથીયાત્રાનું આયોજન કરેલ છે.**

**આ પ્રસંગે સર્વે સત્સંગી હરિભક્તોને સપરિવાર પધારી ઉત્સવનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

- પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી

# સત્ય સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે

- હિંમ્મતભાઈ ઠક્કર - રઘુવંશી

શિક્ષાપત્રી શ્લોક : ૨૬

- યજુર્વેદ પોકારે છે સત્યની પ્રાપ્તિ શ્રધ્ધાથી થાય છે.

- 'ધર્મ સંગ્રહ' ગ્રંથ સમજાવે છે સત્ય યશનું મૂળ છે. સત્ય વિશ્વાસનું મુખ્ય કારણ છે. સત્ય સ્વર્ગનું દ્વાર છે. સત્ય જ સિધ્ધિનું સોપાન છે.

- જૈન ધર્મ આદ્ય સ્થાપક મહાવીર સ્વામી પ્રબોધે સત્ય ચંદ્ર મંડળથી પણ વધુ સૌમ્ય છે, ને સૂર્યમંડળથી વધુ તેજસ્વી છે.

- મહાન ભૂમિતિશાસ્ત્રી પાયથાગોરસ કહે છે સત્ય પ્રભુનો આત્મા છે અને પ્રકાશ તેનો દેહ છે.

આમ સત્ય શ્રધ્ધા, વિશ્વાસ, યશ, સિધ્ધિદાતા, સ્વર્ગ, સૌમ્યતા, તેજસ્વિતા, દિવ્ય પ્રકાશ અને આત્મા છે.

વિશ્વભરના આ સત્ય ચિંતકોના સ્વાનુભાવો ઉપરાંત શ્રી સહજાનંદ સ્વામી પ્રબોધે છે સત્યને રોજિંદા જીવન વ્યવહારમાં સ્થાન આપો, સત્ય બોલો, પારકાનો દ્રોહ ન કરો. પોતાને અને પારકાને પણ પીડા ન આપો ને સદા સર્વદા સત્યમાં જ રાચો.

શિક્ષાપત્રીનો ૨૬મો શ્લોક આ પ્રમાણે છે.

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।

कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुज्चा ग्राह्या न कस्यचित् ॥

સત્ય વાણી વદવા ઉપરાંત આ શ્લોકમાં શ્રીહરિએ કૃતઘ્નીના સંગનો સદંતર ત્યાગ ને વ્યવહાર કાર્યમાં લાંચ-રુશ્વતને સંપૂર્ણપણે વર્જ્ય બતાવ્યાં છે.

- સત્સંગીઓ અવશ્ય સમજી શકશે કે માત્ર આપણો હિતેચ્છુ હોય તે જ આત્મીય આપણને આવી આજ્ઞાઓ કરી શકે.

- વ્યાપકપણે ભારતીય ગ્રામ્ય વિસ્તારમાં પ્રચલિત કહેવત ''સંગ તેવો રંગ''ની જબરદસ્ત અસરને જન સમાજને 'કૃતઘ્ની'ના સંગના રંગથી પણ બચાવવા અંગુલી નિર્દેશ કર્યો છે.

આ મૃત્યુલોકમાંના માનવીને કર્મ, પ્રવૃત્તિ અને વ્યવહારના અનેકાનેક વળગણો ચોંટેલા તો છે જ. શ્રીહરિએ જીવનમાં નૈતિક, સામાજિક, ધાર્મિક મર્યાદાઓને દૃઢપણે જાળવવા ને લોભવૃત્તિ પર કાબૂ મેળવવા માત્રને માત્ર તેના હક્કનું જ લેવા તથા લાંચ લઈ વ્યક્તિ, સમાજને ધર્મ તથા દેશદ્રોહથી બચાવવા પણ સ્પષ્ટ આજ્ઞાઓ કરી છે.

કોણ જાણે કોણે ? ક્યારે ? ક્યાં ? ને કેવી રીતે ? 'લાંચ' એટલે કે હરામની કમાણીને વ્યવહારમાં કેન્સરની જેમ ઘુસાડી દીધી છે...!? હરામની કમાણી વગર ચાલે જ નહીં એમ ?! વાહ ! હક્ક કરતાં હરામની બોલબાલા...!!

અત્રે બે સમાન રણકાથી બોલાતા લાગતા શબ્દોની સ્પષ્ટતા જરૂરી બને છે. કૃતઘ્ની એટલે હરામી સ્વાર્થી, પેટગધાયો ને કરેલા ઉપકારનો અપકાર કરી બદલો આપનાર.

અને, કૃતજ્ઞી એટલે કે વફાદાર, જરૂરત વખતે પડખે ઊભો રહેનારને ઉપકારનો બદલો સવાયા ઉપકારથી વાળનાર.

વળી, આપણા ભારતીય ધર્મ શાસ્ત્રોએ સહજપણે જ ને રોજબરોજનાં જીવનમાં હાલતેચાલતે મનોવૈજ્ઞાનિક સિધ્ધાંતોને ધર્મ, નીતિ, વ્યવહારમાં વણી લીધાં છે. જેને એપ્લાઈડ આઈકોલોજી પણ કહે છે. ભારતમાં સામાન્ય જન વ્યવહારમાં વ્યક્તિને ખબર પણ ન પડે તેમ શુધ્ધપણે વ્યવહારુ બનાવી સફળ બનાવાય છે.

શિક્ષાપત્રીમાં શ્રીહરિએ આ મનો-શારીરિક, સામાજિક, ધાર્મિક સિધ્ધાંતોને ધર્માજ્ઞામાં શ્લોક બધ્ધ કર્યા છે. શા માટે ? જ્યાં ભણેલા ભીંત ભૂલે ત્યાં અભણ મેદાન મારી જાય એટલા માટે.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ આવી જ વાતોને વધુ લોખંડી પીઠબળ મળી રહે તે માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર સ્કંદપુરાણ, યાજ્ઞવલ્ક્ય ઋષિ, દેવળમુનિ ઈત્યાદિની હૂંફ, વજન મેળવી સિધ્ધાંતોની ખરાઈના વ્યાપક પુરાવાઓ પણ જણાવ્યા છે.

'ધર્મ' તો પાળવાનો જ. પ્રાણ જાય પણ વચન ન જાય. ઓછે અડગ નિષ્ઠા વિશ્વાસ.

સરકાર કોઈ કાયદો ઘડે ત્યારે ગમે તેટલી ચોકસાઈ રાખવામાં આવે પરંતુ વકીલો તેમાંથી પણ છટકબારી ગોતી આવતા હોય છે. તેથી સત્સંગીને કોઈ પણ જાતની લુચ્ચાઈ ન કરવી પડે તે માટે શ્રીહરિએ જ

'સત્ય વચન'માં જરૂરી 'જીવદયા'ને માનવીય ભાવનાને સ્થાન આપી નીચે નિર્દિષ્ટ છૂટછાટો પણ આપી છે.

- જ્યારે સત્ય વચન કોઈ અન્ય પ્રાણીનું મૃત્યુ નોતરતું હોય ત્યારે. મહાભારતમાનું પેલા યુધ્ધિષ્ઠિરવાળું - 'નરોવા કુંજરોવા, અશ્વત્થામા હણાયો છે.' કહી શકાય.

- આ લોકમાં કોઈની મહાન અપકીર્તિ કે ઈજ્જત આબરુ બચાવવા આંખ આડા કાન કરાય.

વળી, થોડી રમૂજી ને આનંદભરી છૂટછાટો પણ ઉપલબ્ધ છે.

- સ્ત્રીઓ પાસે, વિવાહ કરતી વખતે, પોતાના સદ્‌ગુરુની રક્ષા માટે ચતુરાઈ વાપરાય.

પરંતુ આવી બધી છૂટછાટો પાછળ માત્ર એકજ હેતુ છે

'અહિંસા પરમોધર્મ'

વળી, જુગાર દ્રવ્ય, લાંચ દ્રવ્ય, દાસીનું દ્રવ્ય, દુ:ખી માણસનું દ્રવ્ય આ ચાર પ્રકારના દ્રવ્યો તરફ આંખ ખોલીને જોવાય જ નહિં.

ટૂંકમાં, સચ્છાસ્ત્રોનું વાચન, મનન, ચિંતન ને સેવન માનવ જીવનનું લક્ષ્ય હોવું જોઈએ.

ને છેલ્લે,

"મૃત્યુલોક તો માયાનો સ્વૈરવિહાર,<br>
કરમ-ધરમનો અદ્‌ભુત ખેલ અપાર,<br>
પ્રબોધે શ્રીહરિ સમજુ હવે તો વિચાર,<br>
સાચ-જૂઠનો તું જ કર નિર્ધાર...!"

# ગેબી તાંત્રિક

ધરમશીભાઈ દેવશી ભગત, ત્રિવેન્દ્રમ

મૂળ મારવાડના કાનફટા પંથનો આ તાંત્રિક બાવો જે કામણ ટૂમણ કરતો. માંસ મદિરાને મૈથુન આદિ પંચ પ્રકારનું સેવન કરનાર. ભાંગ અને તમાકુ ખાનાર તે એક વખત ભાવનગરમાં આવી ચડ્યો. પોતાની સિધાઈ દેખાડી પૈસા પડાવતો. વજેસિંહ બાપુએ તેને પાનો ચડાવ્યો કે ગઢપુર જઈ સ્વામિનારાયણને જીત તો તું ખરો સિદ્ધ કહેવાય. તે અત્યારે ભગવાન થઈ પૂજાય છે ને તેના પાંચસો તો સાધુઓ ગામડામાં ફરે છે. ગેબી બોલ્યો અરે બાપુ એ તો હું નથી ભટકાણો ને ત્યાં સુધી જ. હું તેનું ભગવાન પણું વહેરી નાખીશ. પોતાના ચારસો મારવાડી ચેલાઓ લઈ તે ગઢડા આવ્યો. ગામ બહાર ડેશ તંબુ તાણી ધામો નાખ્યો. દાદા ખાચરે પોતાની ખેતી તથા કૂવા ગાળવાનું કામ કરવા મારવાડી લોકો કામે રાખેલા. આ લોકો આ તાંત્રિક ભેગા ભળ્યા. તેને દાદા ખાચર સાથે છેડો ફાડી નાખ્યો. સંબંધ તોડી નાંખ્યો. ગેબી ગામ બહાર માણસો ભેગા કરી ઉશ્કેરણી જનક બયાન કરવા લાગ્યો. જો જો હવે સ્વામિનારાયણ રાત લઈને ભાગી જશે. તે આકાશમાં જશે તો ત્યાંથી હું ખેંચી લાવીશ. પાણીમાં જશે તો ત્યાંથી ખેંચી લાવીશ. હવે એ બચી શકે તેમ નથી. તે રામ હશે તો હું રાવણ બનીને ઊભો રહીશ, એ કૃષ્ણ હશે તો હું કંસ બની જઈશ. એને બચવાનો એક જ રસ્તો છે કે મારા શરણે થઈ જાય. ઘણા દિવસ બોડી ખાધું (ધણી વિનાનું ખેતર ચરી ખાધું). હવે એ બચવાના નથી. આ બણગા દરબાર ગઢમાં પહોંચ્યા. મહારાજે બે જણાને બ્રહ્માનંદ સ્વામીને મેઘજીને ગુપ્તચરો બનીને તપાસ કરી આવવા મોકલ્યા હકિકત શું છે તે જોઈ આવો. સ્વામી જોઈ આવ્યા ને કહ્યું પાગલ જેવો છે, બેફામ બોલે છે. લાતો કે દેવ બાતો સે નહિ માનતે. લડી લેવા માગે છે. સમજાવ્યો સમજે તેમ નથી. તે કહે છે, હું મંત્ર ભણીશ તો તમારી બંદૂકો ફૂટશે નહીં અને તમારી તલવારો અમને અડી શકશે નહિ. મહારાજે પડકાર ઝીલી લીધો. સૌ કાઠી દરબારોને હથિયાર લઈ લડવા તૈયાર કર્યા. સચ્ચિદાનંદ સ્વામીએ હળ ઉપાડ્યું. સંતો એ ધોકા હાથ વગા કર્યા. મહારાજે હથિયાર લીધાં પણ નિત્યાનંદ સ્વામીએ ના પાડી. તમે આગળ આવશો નહિ. તમારું કામ નહિ પડે. આ કાઠીઓ જ બસ છે. ગેબીને સમાચાર મલ્યા કે સવારે હજારો માણસોનું સૈન્ય એકઠું થઈ ગયું છે ને મરણીયા થઈ આ લોકો ત્રાટકવાના છે. તે ભગવાન હોય તો એના ઘરમાં મારે શું. નાહકના આ ચેલા કપાઈ મરશે. વહેલી સવારે ચેલાઓને ભલામણ કરી કે વાજાં વીટી લો. પોતે અંધારામાં જ ભાગી છૂટ્યો. જેને પાળીઆ થઈ પૂજાવું હોય તે લડવા રેજો.

# હરિદ્વાર મધ્યે ભવ્ય સત્સંગ શિબિર

## (શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા આયોજિત)

અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, અ.નિ. સ.ગુ. કોઠારી પાર્ષદ સામજી ભગત આદિ દીર્ઘદૃષ્ટા વડીલ સંતોની આજ્ઞા અને આશીર્વાદથી કચ્છના યુવાધન સમા યુવાનોને સત્સંગના એક સૂત્રે પરોવાયા અને સંપ્રદાયના પ્રણાલિકાગત સંસ્કારોને સુદૃઢ કરવા આજથી ૧૪ વર્ષ પહેલાં ૨૦૦૩માં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના સાથે સત્સંગના ઈતિહાસમાં એક વધુ સુવર્ણ સોપાનનો ઉમેરો થયો. આ યુવક મંડળનો સુનિયોજિત રીતે મક્કમ ગતિથી વ્યાપ વધતો જાય છે અને દેશમાં જ્યાં જ્યાં કચ્છના ભક્તો વસે છે ત્યાં ત્યાં સારી એવી સંખ્યામાં યુવાનો જોડાઈને સત્સંગનો લાભ લે છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિદેશોમાં આફ્રિકા, યુ.કે., શિશલ્સ, ઓસ્ટ્રેલીયા, આરબદેશો, સાઉથ આફ્રિકા, કોંગોમાં પણ સારો પ્રતિસાદ મળતાં મંડળનો વ્યાપ વધ્યો છે અને વર્તમાન સમયમાં હજારો યુવાનો આ યુવક મંડળમાં જોડાઈને સત્સંગનો લાભ લઈ રહ્યા છે.

સનાતન હિન્દુ ધર્મને અનુસરતી પ્રણાલિકા અને સાંપ્રદાયિક સંસ્કારોનું યુવાધનમાં સિંચન કરવા આ મંડળ કટિબધ્ધ છે અને સમયાંતરે અવાર-નવાર યુવાનો અને યુવતીઓ માટે વિશેષ સભાઓ, પ્રવાસો ઉપરાંત રાત્રી સત્સંગ સભાઓનાં આયોજનો કરવામાં આવે છે. આ આયોજનોમાં બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો દ્વારા મનનીય પ્રવચનો તેમજ દૃશ્ય-શ્રાવ્ય (પ્રોજેક્ટર) ઉપકરણોનો ઉપયોગ કરી વિષયોનું નિરૂપણ કરવામાં આવે છે. અદ્યતન વિજ્ઞાન ટેકનોલોજીના સંગાથે યોજાતા આવા કાર્યક્રમોની અસરકારકતાએ જાણે નવી ક્રાંતિ સર્જી છે.

વર્ષ દરમ્યાન મંડળો દ્વારા પોતપોતાના ગામોમાં સત્સંગ સંબંધિત આયોજનો થતા રહે છે. સાથોસાથ વર્ષમાં એકવાર ભુજ શ્રી નરનારાયણદેવના પાવન ચરણોમાં 'નિવાસી શિબિર'નું આયોજન કરવામાં આવે છે. ખૂબ વિશાળ સંખ્યામાં દેશ-વિદેશના યુવાનો આ શિબિરમાં જોડાય છે અને ધન્યતા અનુભવે છે. પંચ દિવસીય આ શિબિરમાં સત્સંગ સાથે બૌધ્ધિક ચાતુર્ય, સાંપ્રદાયિક સિધ્ધાંતો, જ્ઞાન-ગમ્મત, ધાર્મિક વિષયો પરની ચર્ચા સભા વગેરે બાબતોને સમાવી લેવામાં આવે છે. આવા શિબિરોમાં લગભગ ૩૦૦૦ જેટલા યુવક-યુવતીઓ સહભાગી બની ભક્તિમાં દૃઢતા અને સત્સંગમાં સજ્જતા કેળવવાનું ભાથું બાંધે છે.

વિશેષમાં સહર્ષ જણાવવાનું કે યુવક મંડળની સ્થાપનાને આગામી ભાદરવા સુદ પૂનમે ૧૫ વર્ષ થાય છે. પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી ૧૫મી ભવ્ય શિબિરનું આયોજન પવિત્ર તીર્થધામ હરિદ્વાર મધ્યે ગંગાજીના પવિત્ર, દિવ્ય અને પાવન કિનારે કરવામાં આવનાર છે. જેનો યુવકો-યુવતીઓ અને વડીલો લાભ લઈ શકશે.

આ શિબિરમાં આવનાર વ્યક્તિએ નિયત પત્રક(ફોર્મ) ભરવાનું ફરજિયાત છે. જેથી તેમની રહેવાની, જમવાની તથા અન્ય વ્યવસ્થા કરવામાં અનુકૂળતા રહે. શિબિરાર્થીઓ માટે જવા-આવવાની વ્યવસ્થા ભુજ મંદિર દ્વારા કરવામાં આવશે. શિબિરાર્થી પોતાની રીતે પણ શિબિરના સ્થળે આવી શકશે પરંતુ દરેક શિબિરાર્થીએ ફોર્મ ભરવાનું અનિવાર્ય છે. આ પંચદિનાત્મક સત્સંગ શિબિર તા. ૨૭-૦૯-૨૦૧૮ થી તા. ૦૧-૧૦-૨૦૧૮ સુધી રહેશે. શિબિરાર્થીઓએ તા. ૨૬-૯-૨૦૧૮ના સાંજે શિબિરના સ્થળે આવી જવાનું રહેશે તેમજ તા. ૨-૧૦-૨૦૧૮ના વિદાયગીરી થશે.

શિબિર શુલ્ક વ્યક્તિદીઠ રૂા. ૧૦૦૦/- એક હજાર રાખેલ છે. જે યુવાનો યુવક મંડળ સ્થાપનાથી માંડી સુહૃદ સમિતિના સભ્ય રહી યુવક સભા સંભાળી છે. તેવા યુવાનો માટે શિબિર શુલ્ક ૮૦૦/- રાખેલ છે. હરિદ્વારમાં ગંગા સ્નાન, ગંગાજીની આરતી, શ્રાધ્ધ પક્ષ હોવાથી સામૂહિક પિતૃઓના શ્રાધ્ધ, મુંડન વગેરે તેમજ રોપ-વે વડે આનંદ તથા સ્થાનિક યાત્રા, કનખલ મહાદેવના દર્શન, બિલ્કેશ્વર દર્શનની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. શિબિર બાદ જે ભક્તોને અયોધ્યા, છપૈયા, નૈમિશારણ્ય, પ્રયાગરાજ, કાશી વગેરેના દર્શન કરવા હોય તો તેમની વ્યવસ્થા કરવામાં આવશે. જેની માહિતી નોંધણી ફોર્મ

પાછળથી મોકલાવશું.

આ સત્સંગ શિબિરમાં ભુજ મંદિરના વડીલ સંતો અને યુવાન સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેમજ તેમનાં મનન-ચિંતનયુક્ત વિદ્વતાસભર પ્રવચનો, આશીર્વાદ અને દર્શનનો લાભ મળશે. ઉપરાંત યુવતી મંડળની બહેનોને પ્રોત્સાહિત કરવા કચ્છના સાં.યો. બહેનો પણ મોટી સંખ્યામાં હાજર રહેશે.

આવા દિવ્ય-ભવ્ય પંચ દિનાત્મક રચનાત્મક સત્સંગ શિબિરનો અણમોલ લાભ લેવા અને જીવનનો સાચો આનંદ માણવા આપ સૌ આ શિબિરમાં અવશ્ય પધારશો. તે માટે શક્ય તેટલી વહેલી તકે આપના યુવક મંડળના કેન્દ્રમાંથી પત્રક(ફોર્મ) મેળવી લેશો. ભુજ મંદિરની વેબસાઈટમાંથી પણ પત્રક ડાઉનલોડ કરી શકાશે. ફોર્મ ભરીને યુવક મંડળ કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે. **yuvak@bhujmandir.org** વધુ વિગટ માટે યુવક મંડળ કાર્યાલયનો સંપર્ક કરશો.

# સેવાની સુગંધ

- રાહત સમીતિ, ભુજ

'પ્રભુ સેવા એજ માનવ સેવા એજ જન સેવા છે' એ વાતનો સ્વીકાર કરી આપણા સંપ્રદાયના મંદિરો સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી અનુકરણીય ઉદાહરણ પૂરું પાડતા રહ્યા છે. બાળક નિર્દોષ અને નિખાલસ હોવાથી બાળકને ઈશ્વરનું સ્વરૂપ માનવામાં આવે છે. તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદ બાળકોને વિવિધ વસ્તુઓ આપીને તેમનાં હર્ષસભર ઉદ્‌ગારોના આનંદમાં સહભાગી થઈ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

બાળકોને શિક્ષણ આપતી શાળાઓ તો ઘણી જ હોય છે, પરંતુ શારીરિક રીતે કે માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ્ય ન હોય તેવા વિકલાંગ બાળકોના વિકાસ અને શિક્ષણના અનેક પ્રશ્નોના સમાધાન રૂપ ભુજમાં ધનવંતરી શાળા કાર્યરત છે. જેમાં દિવ્યાંગ બાળકોને શિક્ષણ સાથે માનસિક વિકાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. ભુજ મંદિરના પરહિતકારી સંતો સ્વામી ભક્તિચરણદાસજી તથા સ્વામી ધર્મપ્રકાશદાસજીએ હરિભક્તોને સાથે રાખી દિવ્યાંગ બાળકોને મદદરૂપ થવાના સંકલ્પ સાથે ધનવંતરી શાળાની મુલાકાત લીધી હતી અને વિવિધ ઉપયોગી વસ્તુઓ, નોટબૂક, બોલપેન વગેરે આપીને તેમજ લગભગ રૂા. ૨૫,૦૦૦/-નું ખર્ચ કરી ભોજન સામગ્રી (રાશન) શાળાને આપવામાં આવેલ તથા ચુરમાના લાડુ તેમજ ફરસાણ સહિતની વાનગીઓ બનાવી શાળાના બાળકોને ભરપેટ ભોજન કરાવ્યું હતું.

નખત્રાણા તાલુકાના નનામા ડુંગરની તળેટીમાં પ્રાકૃતિક સૌંદર્યના ખોળામાં ગાંધી આશ્રમ છે. આ આશ્રમની સેવાકીય પ્રવૃત્તિ પણ નોંધપાત્ર છે. સરકારી અનુદાનથી ચાલતી આ નિવાસી શાળા (આશ્રમ)માં અત્યંત ગરીબ, સમાજથી તરછોડાયેલા, અનાથ, અસહાય અને નિરાધાર બાળકોની સંભાળ રાખવામાં આવે છે અને મમતાભરી માવજતના કારણે આવા બાળકોના જીવનમાં નવી ચેતનાનો સંચાર થયો છે. આ ગાંધી આશ્રમના બાળકોને સહાય કરવા ભુજ મંદિરના સંતો સ્વામી ભક્તિચરણદાસજી તથા સ્વામી ધર્મપ્રકાશદાસજીએ હરિભક્તો સાથે આશ્રમની મુલાકાત લીધી હતી. શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને લગભગ રૂા. ૨૫૦૦૦/- ખર્ચ કરીને ૧૨૫ બાળકોને બંડી તથા નવા કપડાઓ આપવામાં આવ્યા હતા. જાકીટ સાથે બિસ્કીટ, ચોકલેટ, પીપરમેંટ પણ આપેલ. તેમજ ચુરમાના લાડુ ફરસાણ સહિતનું ભરપેટ ભોજન પીરસ્યું હતું. ઉપરાંત રૂા. ૪૦,૦૦૦/-ની કિંમતનું મોટું ફ્રીજ પણ આશ્રમને અર્પણ કરવામાં આવેલ. શિયાળાની ઋતુને ધ્યાનમાં લઈને ઠંડીમાં ઠરતા છાત્રો માટે ભુજ મંદિર દ્વારા ગરમ ધાબળાઓ(બ્લેન્કેટ)નું વિતરણ પણ કરાયું હતું.

તેમજ અબડાસા પ્રાંતના ખોંભડી ગામના શ્રી ઘનશ્યામ નગરમાં રહેતા જરૂરિયાત મંદ પરિવારોને ધાબળા, અનાજ, તેલ, ગોળ, જેવી ખાદ્ય સામગ્રી અર્પણ કરાઈ હતી. બાળકોને નોટબૂક, બોલ્પેન અપાઈ હતી. સદ્. સ્વામી હરિબળદાસજી તથા સ. સ્વામી પરમહંસદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા સ્વામી વિવેકસાગરદાસજી આદિ સંતોના વરદ્‌હસ્તે મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી અપાઈ હતી અને ભુજ પ્રસાદી મંદિર તરફથી ભુજ શહેરના બજારમાં સુતેલાને રાત્રે જઈ સંતો ધાબળા ઓઢાળી દરિદ્રનારાયણની સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કર્યું હતું.

# નિર્મળ સંતોને જોઈને મારું મન અહીંના સત્સંગમાં રહેવા લલચાયુ છે !!

- રસિકભાઈ રા. ગોળવિયા, સુરત વેળાવદરવાળા

શ્રી ઘનશ્યામ મહાપ્રભુ વર્ણીરાજ નીલકંઠ વર્ણીરૂપ વનવિચરણ કરી કુલ ૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ તીર્થો, ગામો, શહેરો, નગરોને પદરજથી પાવન કરતા સૌરાષ્ટ્ર પ્રદેશના લોજ ગામને આંગણે પાદરમાં જે વાવ છે ત્યાં આવીને બેઠા. પ્રથમ રામાનંદ સ્વામીના આશ્રમના સંત સુખાનંદ સ્વામીનો મેળાપ થયો. ૧૯ વર્ષની મહાન તપસ્વી મૂર્તિ સુખાનંદ સ્વામી સાથે મોટેરા સંત એવા મુક્તાનંદ સ્વામીને મળવા, દર્શન કરવા પધાર્યા. જ્યાં સદાવ્રત ચાલતું હતું. રામાનંદ સ્વામીના ૫૦ સાધુમાના ઘણાં જ સાધુ અહીં રહેતા હતાં. જે સદ્‌ગુણોના ભંડાર હતાં. (જો કે રઘુનાથદાસ જેવા અપવાદ હતા). જે તીર્થવાસીઓને જમાડતા ભિક્ષા માગી લાવતા અને ભજન ભક્તિ સત્સંગ કરતા. જ્યાં નીલકંઠવર્ણી પધારતાં મોટેરા સંત મુક્તાનંદ સ્વામી આગતા સ્વાગતના વેણ ઉચરી નીલકંઠને સાથે બેસાડ્યા. મુક્તાનંદ સ્વામી સાથે શાસ્ત્રોની વાતોનો થોડો સંવાદ પણ થયો. સંતોની વર્તણૂક જોઈને નીલકંઠવર્ણી બહુ જ રાજી થયા. જેવા સંતોની શોધ હતી તેવા સંતો આજે અહીં રહેલા હતા. પછી નીલકંઠે અહીં લોજમાં થોડા દિવસ રહેવાનું નક્કી કરી લીધું.

સર્વ સાધુગુણ સંપન્ન સંતો અહીં રહેતા. તેઓ હરિભજનમાં એકતાર રહેતા. તેઓને રાત-દિવસ હરિભજનનું વ્યસન હતું. તેમાં પણ વિશેષ હરિગુણ રાગી મુક્તમુનિ હતા તે મુખ્ય હતા. બીજા સંતો તેમની આજ્ઞામાં રહેતા-વર્તતા હતા. તે બધું જોઈને નીલકંઠ વર્ણીનું મન અહીં રહેવા લલચાયું. તે નીલકંઠવર્ણી ને સહુ સંતો અહીં લોજ આશ્રમમાં રોકાઓ તેઓ આગ્રહ કરતા હતા. તેના જવાબરૂપે નીલકંઠવર્ણી બોલ્યા, હે સંતો તમો બધા સાધુ શુધ્ધ બુધ્ધિવાળા, જીતેન્દ્રિય અને નિષ્કપટ છો, કોઈમાં દંભ સહેજે દેખાતો નથી, સરળ ચિત્તવાળા અને પ્રભુના ચરણોમાં પ્રેમભાવનાથી ચોંટેલો છે. બધા જ સાચા અર્થમાં ભગવાનના સાધુ છો. અમોએ તીર્થાટન કરતા આખો જ પૂર્વ દેશ જોયો. કેટલાયે ત્યાગી, વૈરાગી સાધુ, સંતો, મહંતો, આચાર્યો, પૂજારીને જોયા, મળ્યા, સત્સંગ કર્યો પણ અહીંના જેવા સાધુ મેં ક્યાંય જોયા નહીં. માટે મારું મન અહીં રહેવા લલચાયું છે.

શ્રીહરિ વધુ આનંદથી સહુ સંતોને કહેવા લાગ્યા કે હે સંતો સહુ ધ્યાન દઈને સાંભળો. આપ સંતોની પાસે રહેવાની ઈચ્છા કરતા મારા મનમાં આનંદ થાય છે. મોટેરા સંત મુક્તાનંદ સ્વામીને અમોએ પૂછેલા પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો આપ્યા તે સાંભળી હું ઘણો જ પ્રસન્ન થયો છું. જેથી આપના ગુરુ પૂજ્ય રામાનંદ સ્વામી આવે ત્યાં સુધી તેમના દર્શન કરવાને અર્થે હવેથી હું અહીંજ રહીશ. મેં આગળ ઘણા જ સાધુ સંતો, પંડિતો, વિદ્વાનોને આ પ્રશ્નો પૂછ્યા હતા જેના યથાવત ઉત્તર આજદિન સુધી મળ્યા નથી. જે અહીં મળ્યા. હું પૂર્વદેશમાં ઘણો ફર્યો ત્યાં ઘણા જ જ્ઞાનીઓ અને સંતોને જોયા મળ્યો. મોટા ભાગના કશુંજ જાણતા ન હતા. દંભનો પાર ન હતો. કુટિલ અને અહંકારીઓ હતા. અજ્ઞાનીઓ હતા. અહીંના સંતોને અતિ નિર્મળ જોયા તેથી મારું મન હવે અહીં રહેવા લલચાયું છે. અહીંના સત્સંગમાં રહું તેમ થયું છે જે બીજે ક્યાંય ઠર્યુ ન હતું. આપના જેવા સંતોને મેળવવા માટે ઘર છોડ્યું છે તે અત્યારે આપ મળી ગયા છો તેથી હવે મારું પ્રયોજન સિધ્ધ થયું છે. જેથી હવે આપ કહેશો તેમ હું કરીશ. આપની સાથે જ રહીશ. આપ સંતોના વચનના માટે હું મારો પ્રાણ પણ આપી શકુ છું.

આ રીતે નીલકંઠવર્ણી લોજમાં રહી જવા લલચાયા તેનું મુખ્ય કારણ તેમણે બતાવ્યું. તેમ ક્યાં પણ આવા નિર્મળ નિષ્કપટ સંતો જોયા ન હતા જે આજે અહીં છે. આવું વચન નીલકંઠવર્ણીનું સાંભળી લોજના આશ્રમના બધા જ સંતો રોમાંચિત થઈ ગયા. અને વર્ણી પ્રત્યે ખૂબ જ પ્રેમથી રહેવા લાગ્યા અને વર્ણી આશ્રમની બધી નાની મોટી સેવા કરવા લાગ્યા અને પછી સંતોને યોગાભ્યાસ પણ કરાવવા લાગ્યા. ત્યાંના સંતો સાથે સત્સંગમાં રહેવા લાગ્યા.

**શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ભાટ - ગાંધીનગર**
(ફોન નંબર બદલાય છે)
૦૭૯-૨૯૨૮૮૪૯૯ = ૮૨૩૮૦૦૮૬૬૬
:: નવા નંબર ::
+૯૧ ૯૪૦૮૪ ૪૪૪૩૧ = +૯૧ ૮૨૩૮૦ ૦૮૬૬૬

# સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીનો અક્ષરવાસ



કચ્છ દેશ તેમજ વિદેશમાં સત્સંગની સુગંધ ફેલાવનાર સ.ગુ. પુરાણી સ્વામીનો જન્મ સુખપર ગામે સં.૧૯૮૯ વૈશાખ વદ ૧૪ના થયો હતો. શ્રીહરિની સેવામાં સદૈવ તલ્લીન રહેતા આ વિદ્વાન સંતે સં. ૨૦૭૪ પોષ સુદ ૪ તા. ૨૨-૧૨-૨૦૧૭ના વહેલી સવારે ૧:૫૦ વાગે ૮૫ વર્ષની ઉંમરે અક્ષરધામની વાટ પકડી હતી.

સદ્‌ગત સ્વામીએ અ.નિ. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. સ્વામી શ્રીવલ્લભદાસજીની આજ્ઞા મેળવી તત્કાલિન આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે સં. ૨૦૦૮માં ફાગણ વદ ૧૧ના રોજ દીક્ષા મેળવી અને સાધુ થયા. ગુરુ સદ્‌ગુરુ સ્વામી દેવચરણદાસજીની સેવામાં રહી સાધુતાને ચરિતાર્થ બનાવી કચ્છના સત્સંગમાં અમીર છાપ મૂકતા ગયા. તેઓ તેમના મંડળમાં પણ એક આગવું સ્થાન ધરાવતા. મંડળધારી સંત સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી પાસે તેઓએ સત્સંગનું જ્ઞાન આત્મસાત કર્યું. સંસ્કૃત ભાષા પ્રત્યે તેઓને વિશેષ લગાવ હતો. સંસ્કૃત ભાષાનું પધ્ધતિસર જ્ઞાન અ.નિ. સ.ગુ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજી પાસેથી મેળવી સંસ્કૃતમાં પારંગત થયા. નવું નવું શીખવાની ધૂન તેમના પર સવાર રહેતી. સ્વામી સાથે સાહિત્ય, ભાગવત, પુરાણ, સત્‌શાસ્ત્રો વિષે ચર્ચા કરતા રહેતા, માર્ગદર્શન મેળવતા રહેતા અને દિન પ્રતિદિન તેમની વિદ્વતામાં નિખાર આવતો ગયો. સ્વામી પાસેથી તેઓએ શ્રુતિ(પૂજા, પ્રતિષ્ઠા, સ્થાપન વગેરે) અને સ્મૃતિ (પંચરાત્ર)નું જ્ઞાન પણ ખૂબ સારી પેઠે પ્રાપ્ત કર્યું હતું. તેઓ જ્યોતિષ વિદ્યામાં પણ પારંગત હતા.

સ.ગુ. વડીલ સંતોના રાજીપા અને આશીર્વાદમાંથી પ્રેરણા લઈને આખા સત્સંગમાં અનેક કથા પારાયણો કરાવીને હરિભક્તોને કથા શ્રવણનું ખૂબ સુખ આપ્યું હતું. એટલું જ નહીં નવા મંદિરોનાં નિર્માણ કાર્યમાં પણ તેમનો સિંહફાળો રહ્યો છે. દેશ-વિદેશમાં નિર્માણ પામેલા મંદિરોમાં તેમની હાજરીમાં મૂર્તિ પ્રતિષ્ઠાઓ કરવામાં આવી છે. શ્રીહરિની આજ્ઞાનું અને સત્શાસ્ત્રોની આજ્ઞા અને સૂચનાઓનું ચૂસ્ત પાલન કરવાના આગ્રહી હતા. તેથી પૂજા, પ્રતિષ્ઠા આદિ કાર્યોમાં પોતે હાજર રહીને ભૂદેવોના હસ્તે વિધિ સંપન્ન કરતા. ભૂદેવો પ્રત્યે ખૂબ આદરભાવ ધરાવતા અને ભૂદેવોને આગવું સ્થાન આપતા. છેલ્લે તાજેતરમાં મુન્દ્રા નૂતન મંદિરમાં માગશર વદ ૭ના ભૂદેવોને સાથે રાખી સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી હતી.

તેઓ સારા કલાકાર પણ હતા. વહીવટની આગવી સૂઝ ધરાવતા અને માર્ગદર્શક બની રહેતા. સંતોના પાણી પીવાના પાત્ર (તુંબળા)ને વિકસાવવામાં તેમની સૂઝનાં દર્શન થાય છે. રસોઈ કલામાં પણ નિપૂણ હતા. વિવિધ પકવાન, મિષ્ટાન્ન બનાવી ઠાકોરજીના નૈવેધ બનાવતા અને તે પ્રસાદ ગ્રહણ કરી સંતો-હરિભક્તો ધન્ય બની જતા.

૬૫ વર્ષ સુધી સંત દીક્ષામાં રહી અ.નિ. સ.ગુ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજી તથા અ.નિ. સ.ગુ. મહંત પુ. સ્વામી હરિસ્વરૂપદાસજીનો ખૂબ રાજીપો મેળવ્યો હતો તથા કચ્છ પ્રાંતના સંપ્રદાયના મંદિરોમાં તથા વિદેશોમાં ભુજ મંદિર અન્ડરના મંદિરો મળી અંદાજીત ૮૦ જેટલા મંદિરોમાં જેમના માર્ગદર્શન મુજબ પ્રાણ પ્રતિષ્ઠાઓ થઈ તથા દર વર્ષે ભુજ મંદિરથી પ્રસિદ્ધ થતું પંચાગ (નિર્ણય)ની સેવા જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સાથોસાથ મંડળના મહંતપદે ૫૩ વર્ષ રહી સત્સંગની ખૂબ સેવા કરી હતી. અનેક મુમુક્ષુઓને મોક્ષના માર્ગે ચલાવી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે.

સ્વામીના અક્ષરવાસથી કચ્છ સત્સંગને મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજ તેમના આત્માને ચરણનું સુખ આપે અને એમના શિષ્યો તથા મંડળના સંતોને ધીરજતા આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

સંપ્રદાયમાં સ્વામીનું એક અવિચળ આગવું સ્થાન હતું, જે ક્યારેય પૂરી શકાશે નહીં.

# ધોલેરાનાં ફૂલીબા



ભાલ પ્રદેશમાં આવેલા ધોલેરાના દરબાર પૂંજાભાઈ તથા અજુબાનું એકમાત્ર સંતાન એટલે આ કથાના મુખ્ય સત્સંગી ફૂલીબા. માતા-પિતા ધર્મને માર્ગે ચાલતા હોવાથી દીકરીની રહેણીકરણીમાં એ સંસ્કાર બચપણથી જ હતા. તેમને 'કરમડ' ગામે પરણાવેલાં. ફૂલીબાના સંત્સંગથી પ્રસન્ન થયેલા સાસરિયામાં પણ સત્સંગના બીજ રોપાયેલાં અને સૌ સાસરિયાઓએ શ્રીહરિનો મહિમા જાણીને સત્સંગ કરેલો. ફૂલીબાનાં સત્સંગની સુવાસ આખા ગામમાં પ્રસરીને અને આખુંયે ગામ સત્સંગના સદ્‌ગુણોથી મહેંકી ઊઠ્યું. ફૂલીબાના સમજણને આખું ગામ સ્વીકારતું અને તેમની કોઈપણ વાતને ટાળતું નહી.

એક વખત ફૂલીબાને એવો દિવ્ય વિચાર આવ્યો કે જેવી રીતે લાડુબા, જીવુબા, લાધીબાઈ, મીણબાઈ, રાઈબાઈ વગેરે સત્સંગી આગેવાન બહેનોએ મહારાજ, સંતો, હરિભક્તોને તેડાવીને ઉત્સવો ઉજવ્યા છે અને શ્રીહરિને રાજી કર્યા છે તેવી રીતે આપણે પણ આપણી સંપત્તિનો સદુપયોગ કરીએ. શ્રીહરિ, સંતો, સાંખ્યયોગી બાઈઓ, પાર્ષદો, હરિભક્તો સર્વેને અહીં કરમડ તેડાવીને અન્નકૂટ તથા ફૂલદોલનો ઉત્સવ કરાવીએ. આ અંગે તેમણે ઘરના સર્વે સભ્યોને જાણ કરી અને સૌએ સાથે મળીને ચર્ચા વિચારણા કરતાં ઉત્સવો ઉજવવાનું નક્કી કર્યું.

ફૂલીબા ધોલેરા આવ્યા અને પોતાના માતા-પિતાને ઉત્સવ અંગે વાત કરતા. પૂંજાભાઈએ કહ્યું, ''દીકરી, ચાલો, આપણે ગઢડા જઈને મહારાજ પાસે પ્રાર્થના કરીએ. મહારાજ જરૂર આવશે.'' પૂંજાભાઈ પોતાની દીકરી ફૂલીબા સાથે ગઢડા આવ્યા. પૂંજાભાઈએ મહારાજને વિનંતી કરી, ''મહારાજ, અમારી દીકરી ફૂલીબાની ઈચ્છા છે કે આપ કરમડ પધારો અને ત્યાં ફૂલીબાને ત્યાં અન્નકૂટ તથા ફૂલદોલનો ઉત્સવ કરો.''

મહારાજે મધુર હાસ્ય કરતાં કહ્યું. ''દરબાર, અમારા આ અવતાર ધારણ કર્યાના હેતુઓ માનો એક હેતુ આ ઉત્સવ છે. ''ભકતોને લાડ લડાવી ને તેમના મનોરથો પૂર્ણ કરવા અમે ફૂલીબાની ઈચ્છાપૂર્ણ કરવા જરૂર કરમડ આવીશું.'' પૂંજાભાઈ પોતાની દીકરી ફૂલીબા સાથે કરમડ આવ્યા. બીજા દિવસે જ મહારાજે સંતોને અને સાથે જેરામ બ્રહ્મચારીને અન્નકૂટ ઉત્સવની તૈયારીઓ કરવા આગળથી મોકલી દીધા.''

એમ કહેવાય છે કે ફૂલીબા તથા તેમના પતિ અમરસિંહ વચ્ચે કોઈ અગમ્ય કારણોસર અબોલા થયેલા. મહારાજને આ અંગે વાત ધ્યાનમાં આવી. મહારાજે ઉપાય વિચારી કાઢ્યો, કે જેથી પતિ-પત્ની વચ્ચેના અબોલા તૂટે.

મહારાજે ફૂલીબાનાં પતિ અમરસિંહજીને બોલાવ્યા અને કહ્યું, ''દરબાર ! અમને મેરાયા સિંચાય એટલે શું તે ખબર નથી, તેથી અમારે મેરાયા સિંચાતા જોવાની ઈચ્છા છે.'' મેરાયુ સિંચવું એટલે દિવાળીના તહેવારના દિવસે નવદંપતી શેરડીના સાઠાના સવા-દોઢ ફૂટ જેટલા કટકામાં ઉપરથી ટોપરાનો વાટકો સમાઈ શકે તેટલો કાપો મૂકી તેમાં ટોપરાનો વાટકો રાખીને તેમાં ઘી-તેલનો દીવો પ્રગટાવીને મૂકે તથા ત્યારપછી બંને મિત્રો-સગાને ઘરે ઘરે તે દીવામાં ઘી/તેલ પૂરાવવા સાથે જાય. અમરસિંહે મહારાજને કહ્યું. ''મહારાજ ! અમારા દરબારના બૈરાંઓને ઓઝલમાં રહેવાનું હોય છે. તેથી મેરાયું સિંચવા કેવી રીતે જઈ શકાય ?'' પરંતુ મહારાજને તો મેરાયાની ઈચ્છા હેઠળ પોતાના ભક્તો વચ્ચે ઊભા

થયેલા અબોલાના આવરણને હટાવવું હતું. તેથી તેમણે તો આ બાબતે આગ્રહ ચાલુ રાખ્યો. અંતે અમરસિંહજીએ શ્રીહરિના આગ્રહને સ્વીકારતા કહ્યું, ''અમે આપની ઈચ્છા પૂર્ણ કરવા આપ કહેશો તેમ કરીશું,'' અમરસિંહજીએ ફૂલીબાને સાથે લઈને કરમડમાં મેરાયા સિંચ્યા, પરંતુ આ વિધિ પૂર્ણ થયા બાદ તેઓ કાંઈ પણ બોલ્યા વગર ચાલતા થઈ ગયા. ફૂલીબાને ઘણું લાગી આવ્યું તે મહારાજના ચરણોમાં મસ્તક મૂકીને ખૂબ જ રડ્યા.

મહારાજે ફૂલીબાને સાંત્વના આપતા કહ્યું, ''તમે રડો નહીં. તમારો મનમેળ થઈ જશે. અબોલા છૂટી જશે. અમરસિંહજી પણ તમે કહેશો તેમ કરશે. આ અમારા આશીર્વાદ છે.''

અમરસિંહ પોતાની રીતે ચાલ્યા તો ગયા, પરંતુ તેમને વિચાર આવી ગયો કે આ રીતનું વર્તન બરાબર નથી. તેમને પસ્તાવો થયો. ફૂલીબાના ગુણ નજર સમક્ષ દેખાયા. તેમણે ફૂલીબાની ક્ષમા માંગી. આમાં મહારાજની ઈચ્છા કામ કરી ગઈ. ફૂલીબાના આનંદનો પાર ન રહ્યો.

બીજો દિવસ અન્નકૂટનો હતો. બાલકૃષ્ણ તથા શાલીગ્રામની પૂજા કરીને ત્યારબાદ સુંદર રીતે અન્નકૂટ ગોઠવવામાં આવ્યો. મહારાજે અન્નકૂટની આરતી ઉતારી. ત્યાર ફૂલીબાએ મહારાજની જમવાની જગ્યાએ સુંદર કલાત્મક રીતે અન્નકૂટ ગોઠવેલો જે જોઈને મહારાજ ખૂબ જ રાજી થયા. સ્પર્શ કરીને બધી જ સામગ્રીને પ્રસાદીમાં પરિવર્તિત કરી દીધી. સૌને પ્રસાદીનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો. શ્રીહરિએ આ દિવસે ફૂલીબાએ અર્પેલા વસ્ત્રાભૂષણ ધરાવેલાં અને દર્શન આપ્યા. શ્રીહરિએ ફૂલીબાને આશીર્વાદ આપતાં કહેલું, ''આ મૂર્તિ તમને જ્યારે પણ ઈચ્છા થશે ત્યારે દર્શનમાં અખંડ દેખાશે.''

શ્રીહરિના આ આશીર્વાદથી ફૂલીબાએ ધન્યતા અનુભવી અને પોતાના જીવનની સાર્થકતા માની. ફૂલીબાના આ ઉત્સવનો સંકલ્પ મહારાજે પૂર્ણ કર્યો તેથી સેંકડો ભક્તોને આ અન્નકૂટ ઉત્સવનો લાભ પ્રાપ્ત થયો.

# બેનબા રાજબા સાસરે જાવ, અમો જરૂર આવીશું!!!

- રાધાબેન રસિકભાઈ ગોળવિયા, વેળાવદરવાળા

મૂળીના રાજા રામભાઈ પરમાર જે રામાનંદ સ્વામી વખતના સત્સંગી તેમના બીજા પત્ની રાજબાબાઈ ભાડેરના પ્રતાપસિંહ ઉર્ફે પાતલભાઈ દરબારના દીકરી સ. ગુ. રામાનંદ સ્વામી તાવી મેથાણ, દેવળીયા પધારતા ત્યારે જરૂર મૂળી પધારતા. પ્રથમ રામભાઈ પરમાર ધમડકા ગામે પરણેલા તે પ્રથમ પત્નિથી સંતાન પ્રાપ્તિ નહીં હોવાથી બીજા ભક્તો દ્વારા રામાનંદ સ્વામી વાત જાણેલી તેથી રામભાઈને બીજા લગ્ન ભાડેરના પાતલભાઈ વાઘેલા દરબારની દીકરી સાથે કરવા આજ્ઞા કરેલી અને કહેલું કે આ રાજબાઈ આવ્યા પછી પુત્ર પ્રાપ્તિ પણ થશે અને મૂળીમાં સત્સંગ વધશે અને મોટું મંદિર પણ થાશે.

પછી રામભાઈ એ દરબારોના રીવાજ પ્રમાણે ખાંડુ ભાડેર મોકલેલું. ધામધુમથી લગ્ન થયા પણ સાસરે જવા વળાવતા પહેલાં કુંવરી રાજબાઈ રીસાઈને બેસી ગયા અને કહે કે સાસરે જવું નથી. દરમિયાન તે અરસામાં શ્રીજીમહારાજ ભાડેર પધાર્યા. પાતલભાઈએ શ્રીહરિનું અને સાથેના બે સંતોનું ભાવભર્યું સ્વાગત કર્યું. પણ મહારાજ તે વખતે અંતર્યામી પણે પાતલભાઈના મુખ ઉપર ઉદાસીનતા જાણી ગયા અને મહારાજ બોલ્યા કેમ પાતલભાઈ ઉદાસ છો? પ્રતાપસિંહ કહે મહારાજ! આમ તો આજે અમારે આંગણે મંગલમય પ્રસંગ છે. અમારી દીકરી રાજબા ને તેડવા મુળીના દરબાર રામભાઈ પરમારનું ખાંડું આવ્યું છે. વેલડુ તૈયાર છે પણ બનેબા સાસરે જવાની ના પાડે છે. મહારાજ કહે દરબાર ચિંતા કરશો નહીં અમે તેમને સમજાવીશું. મહારાજ ગઢમાં ઓરડામાં જઈ કહે ક્યાં છે બેનબા ત્યારે રાજબા મહારાજ પાસે આવી ખોડો પાથરી પંચાગ પ્રણામ કર્યાં, દર્શન કર્યાં ધન્યતા અનુભવી.

મહારાજની આંખ રાજબાઈની દૃષ્ટિ સાથે મેળવી મહારાજ બોલ્યા કે કેમ બેનબા રાજબા સાસરે જતા નથી? કેમ સાસરે જવાની ના પાડો છો. દીકરી હમેશા

સાસરે જ શોભે. દીકરી હોંશે હોંશે સાસરે જાય તેમાં બાપની શોભા વધે અને રાજ્ય દરબારની આબરૂ વધે. ત્યારે રાજબાઈ હાથ જોડી કહે હે મહારાજ હું મુળી ગયા પછી આપનાં દર્શન મને થાય કે ન થાય. એટલે ના પાડું છું. શ્રીહરિ તરત જ જમણો હાથ ઊંચો કરી કહે બેનબા અમારી આજ્ઞા અને આશીર્વાદ તમારી સાથે છે. અને અમો તમોને જરૂર દર્શન દેવા વારંવાર મૂળી આવશું અને ભવિષ્યમાં ત્યાં મોટું મંદિર પણ કરાવીશું. માટે સાસરે જાવ. તરત જ રાજબા શ્રીજી મહારાજને વડીલોને પગે લાગી વેલડામાં બેસી ગયા.

આ પછી મહારાજ વારંવાર મૂળી ગયા છે અને રાજબાઈને દર્શન આપ્યા છે તેમ છતાં એક વખત મહારાજ છ મહિના સુધી મૂળી નહીં પધારેલા. તેથી દર્શન ન થવાથી રાજબાઈએ ઉપવાસ આદરેલો જમવાનું છોડી દીધું. અન્ન મોમાં નાંખ્યું ન હતું. મહારાજ તે વાત જાણીને તત્કાળ મૂળી પધારેલા અને રાજબાઈએ દર્શન કરી ઓરડે જઈ થાળ લાવ્યા. મહારાજ જમી પછી થાળની પ્રસાદી રાજબાઈને આપી કહેલું બેનબા તમો જમો આમ પારણાં કરાવેલાં. રાજબા મહારાજની એવી તો ખાતરી કરતા કે એક વખત ટાઢમાં તપાડવા. બાજોઠ, ઢોલીયો રંગત અને ઘરમાં સાંગામાસી અને એક પૈડુ હતું. તે પણ બાળી દઈ મહારાજને રાજી કરેલા ત્યારે મહારાજે કહેલું કે હવે ટાઢ ઉડી. વડતાલ મંદિર વખતે રૂપિયાની તાણ હતી ત્યારે ૫૦૦ રૂા. હાર ભગાદોશીને ત્યાં મુકી રૂા. ૫૦૦ અને બીજા રૂા. ૨૦૦ વડતાલ મંદિરે બ્રહ્માનંદ સ્વામી ઉપર મોકલેલા ત્યારે બ્રહ્માનંદ સ્વામી બહુ જ રાજી થયા. આમ મૂળીના રાજરાણી રાજબાની ઘણી જ વાતો સત્સંગના ગ્રંથોમાં વણાય છે પણ અહીં માત્ર આટલી જ.

**ભુજ
મંદિરની વેબસાઈટ
www.swaminarayan.faith
ઉપર હજારો કીર્તનો સાંભળી શકો છો.
ફ્રી ડાઉનલોડ કરી શકો છે. અને
સ્વામિનારાયણ રેડિયો ઉપર આ બધું
જ ઉપલબ્ધ છે.**


**આમંત્રણ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ મંદિર, સીડની, ઓસ્ટ્રેલીયા
(શ્રી નરનારાયણદેવ ભુજ-કચ્છ તાબાનું)

# મંદિરના પંચાબ્દી મહોત્સવ પ્રસંગે

## વિષ્ણુયાગ એવં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

**બુધવાર તા. ૧૭-૧-૨૦૧૮ થી રવિવાર તા. ૨૧-૧-૨૦૧૮**

આ પ્રસંગે તા. ૧૮-૧-૨૦૧૮ના રોજ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરની મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક પૂજન ત્યારબાદ અન્નકૂટ આરતી, શિખરો ઉપર ધજા રોપણ ત્યારબાદ નવ નિર્માણ થયેલ શ્રી ઘનશ્યામ એકેડેમીનું પ.પૂ. ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી અને મહંત સ્વામી દ્વારા ઉદ્‌ઘાટન

**આ પ્રસંગમાં આપ સૌન સપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ**

**- ટ્રસ્ટી મંડળ, સિડની**

# ચોરના હાથનું જમવાથી...

-ગાજીપરા જશુબેન રામજીભાઈ, નારણપુર

હે વાચકો ! રસાસ્વાદને વશ થઈને ઘણા હરિભક્તો હોટલમાં જમવા જતા હોય છે. તથા બજારમાં ઉભી રહેતી ભેળ-પકોડી અને પાઉંભાજીની લારીઓએ જઈને આનંદથી ખાતા હોય છે. પરંતુ તે ખાવાના કારણે શારીરિક નુકશાન તો થાય છે પરંતુ સાથે સાથ મનના વિચારો પણ બદલાઈ જાય છે. તેથી ભગવાન ગૌણ થઈ જાય છે અને રસાસ્વાદ મુખ્ય થઈ જાય છે. તેમજ હોટલોમાં રસોઈ બનાવતા લોકો પાપી હોય તો તેમના વિચારો પણ ખાનારના મગજમાં આવે છે અને અંતે ક્રિયાત્મક બને છે. તે વિષે પૂર્વે બની ગયેલ એક ઘટના છે. જેથી આપણને ખ્યાલ આવે કે, ખરાબ લોકોના હાથનું બનાવેલ તથા તેમણે સ્પર્શ કરેલ પદાર્થનું સેવન કરવાથી કેવા વિચારો આવે છે.

એક મહાત્મા એક ગામમાં ગયા અને એક વ્યક્તિને ઘરે જમીને સૂતા. રાત્રીએ તેઓની નિદ્રા ઉડી ગઈ તેથી તેમને વિચાર આવ્યો કે... 'અત્યારે ઘરના લોકો સૂઈ ગયા છે, એટલે મને ઓઢાડેલ આ નવી શાલ લઈને અત્યારે બીજે ગામ ભણી જાઉ પછી મારે આ શાલ શિયાળામાં ઓઢવાના કામમાં આવે.' આવા વિચારો આવ્યા. તેથી નવી શાલ લઈને મહાત્મા બીજે ગામ જતા રહ્યા.

સવારે નાઇધોઇને પરવાર્યા પૂજા બાદ વિચાર આવ્યો કે મે, આ શું કર્યું ? સંત થઇને ચોરી કરી ? પાપ ન કરાય પાછા આવ્યા માફી માગી, પૂછયું તમે મને ભોજન કરાવેલ તે અન્ન કયાંથી આવ્યું હતું ? ત્યારે યજમાને કહ્યું બાજરો અમારી પાસે નહોતો એટલે પાડોસી પાસેથી લીધેલો અને એમણી ચોરી કરી લાવેલો એવી જાણ થતાં સંત કહે બસ આજ કારણ છે કે ગતે ચોરી કરવાની ઇચ્છા થઇ

'જેનું ભોજન સરસ, તેનું ભજન નિરસ,<br>
સ્વાદ અને વાદ છોડે, તે જ પ્રભુજીને ભજી શકે.'

હે ભક્તો! સાંભળ્યું ને! પાપીના હાથનું જમવાથી સંતની પણ બુદ્ધિ ફરી જતી હોય. તો પછી સામાન્ય હરિભક્ત હોટલમાં જઈને ખરાબ વ્યક્તિઓના હાથનું જમતો હોય તો તેના વિચારો કેમ ન ફરે? (અથવા) ફરી જ જાય. માટે દરેક હરિભક્તોએ રસાશક્તિને કારણે લૂલીને લાડ લડાવવા માટે તમામ બજારનાં ખાણાં-પીણાઓ ખાવાં-પીવાં ન જોઈએ, એ જ આ પ્રસંગનું રહસ્ય છે.

# તમે પાપનો બાપ ભણ્યા છો?

- સાં.યો. વાલબાઈ ભચુભાઈ કેરાઈ, નારણપુર

એક બ્રાહ્મણ કાશીએ બાર વર્ષ સુધી ભણ્યા. પછી ઘરે આવવા માટે કાશીએથી નીકળ્યા. ત્યાં રસ્તામાં એક શહેર આવ્યું. ત્યારે સાંજનો સમય થઈ ગયો હતો. તેથી નદી કાંઠે બેસીને બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યા. 'આ અજાણ્યા નગરમાં કોને ઘરે રહેવું?' આ રીતે વિચાર કરતા હતાં, ત્યાં એક વેશ્યા પાણી ભરવા આવી. તેથી બ્રાહ્મણે પૂછ્યું, 'મારે રાત્રી રહેવું છે, પરંતુ હું કોઈને ઓળખતો નથી.' ત્યારે વેશ્યાએ કહ્યું, 'મારે ઘરે ચાલો.' પછી તે બ્રાહ્મણને ઘરે લઈ ગઈ અને ગાય બાંધવાની ઓરડીમાં તેને ઉતારો આપ્યો અને ગામમાંથી પાકું સીધું મંગાવીને બ્રાહ્મણને આપ્યું. બ્રાહ્મણ રસોઈ બનાવી પછી વેશ્યાએ પૂછ્યું. તમે શું શું ભણ્યા છો? ત્યારે ભૂદેવે ચૌદ પ્રકારની વિદ્યા ભણ્યાનું કહ્યું પછી વેશ્યાએ પૂછ્યું, 'તમો પાપનો બાપ ભણ્યા છો?' ત્યારે પેલાએ ના કહી. ત્યારે વેશ્યાએ કહ્યું. તો કાલે તે ભણવા ફરીએ કાશીએ જજો.

ત્યારપછી પેલા ભૂદેવ જમવા બેઠા. ત્યારે વેશ્યાએ કહ્યું, 'હે ગોર દેવ! મારો દીકરો માંદો હતો ત્યારે મેં માનતા કરી હતી કે મારા પુત્રને સારું થઈ જાય તો હું મારા

હાથથી એક બ્રાહ્મણને જમાડીશ અને જ્યાં સુધી ન જમાડું ત્યાં સુધી ઘી-ગોળ નહિ ખાવું. માટે મારા હાથનું તમે જમો.'

એ વાત સાંભળી બ્રાહ્મણે કહ્યું. તું તો પાપી છો. અને વળી વ્યભિચાર કરી પાપ કરે છે તેથી તારા હાથનું કેમ ખવાય? તે સાંભળી વેશ્યાએ કહ્યું. ૫૦ રૂા. લ્યો પરંતુ મારા હાથનું જમો. ત્યારે બ્રાહ્મણે ના પાડી પછી વેશ્યાએ ૧૦૦ રૂપિયા મૂક્યા અને કહ્યું. લ્યો સો રૂપિયા પૂરા પણ મારા હાથનું જમો. ત્યાં તો ૧૦૦ રૂપિયા જોઈ બ્રાહ્મણની વૃત્તિ ચલાયમાન થઈ તેથી બોલ્યો. તું કોઈને આ વાત ન કરે તો હું જમું. ત્યારે વેશ્યા બોલી હું કોઈને નહિ કહું. કેમ જે મારી ટેક છૂટી જાય છે માટે નિર્ભય થઈને મારા હાથનું જમો.

તુરંત બ્રાહ્મણે ૧૦૦ રૂપિયા લઈ લીધા અને કહ્યું તું તારા હાથે મને જમાડ. લે હું મુખ ખોલું. એમ કહીને મુખ ખોલ્યું. પછી વેશ્યાએ હાથમાં કોળીયો લીધો. ત્યાં તો જમવા તૈયાર થઈ ગયા તુરંત પેલી વેશ્યાએ એક થપાટ મારી અને કહ્યું. પીટીયા! પાપનો બાપ જાણ્યો છે. સો રૂપિયા માટે બ્રાહ્મણનો દેહ વટલાવવા તૈયાર થઈ ગયો. સાંભળી લે! પાપના બાપનું નામ છે લોભ. તને રૂપિયા આપ્યા ન હતાં ત્યાં સુધી ના કહેતો હતો. પરંતુ ૧૦૦ રૂપિયા ભાળી તેમાં લોભાયમાન થઈ ગયો અને મારા જેવી નીચ સ્ત્રી તથા નીચ ધંધા કરનારીના હાથનું ખાવા તૈયાર થઈ ગયોને? તેથી જ લોભને પાપનો બાપ કહ્યો છે.

વ્હાલા વાચકો ! આ દૃષ્ટાંતમાંથી રહસ્ય એ સમજવાનું છે કે, આ બ્રાહ્મણની જેમ લોભી થાવું નહિ અને આપણામાં લોભી પ્રકૃતિ જો હોય તો તેને છોડી દેવી અને શ્રીહરિને રાજી કરી લેવા.

# પનોતીનો પનારો

- નિશાબેન કરશનભાઈ પોકાર, ઘડાણી

એક વખત ગુજરાત રાજ્યનો એક ગુગળી બ્રાહ્મણ ફરતો-ફરતો મહારાષ્ટ્રના મહાડ ગામમાં વિશ્રામ ભગતનાં ઘરે આવી ચડ્યો. બ્રાહ્મણ જાણીને ભગત તો પોતાને ઘરે તેને ઉતારો કરાવ્યો.

વિશ્રામ ભગતનાં કહેવાથી એમના ઘરવાળાએ બ્રાહ્મણને રસોઈનો સામાન આપ્યો. બ્રાહ્મણને રસોઈ કરી, ભોજન લીધું. બાદમાં ગામમાં ભિક્ષા માગવા લાગ્યો જે કંઈ મળ્યું એ વેપારીને વેચીને પૈસા ઊભા કરી લીધા. વિશ્રામ ભગતના માણસને મનમાં થયું કે પાખંડી છે કોઈ !

એક દિવસ બપોરનું ભોજન લઈ લીધા પછી ફળિયામાં ટહેલતાં આ બ્રાહ્મણે ભગતનાં પત્નિને ગંભીરતા પૂર્વક કહ્યું તમારું અન્ન ખાધું છે એટલે વગર પૂછ્યે તમને હિતની વાત કરવી પડે છે. બાઈએ વાત જણાવવા કહ્યું. બ્રાહ્મણ કહે જો બહેન. તમને વ્યાધિ કોઈ જણાય છે માટે વ્યાવહારિક-શારીરિક બાબતે કાળજી જરૂરી છે.

એ લૂચ્ચા બ્રાહ્મણને ભોળી ભક્તની પત્નિએ પુછ્યું, પનોતી બેસે તો શું થાય? ભોળી બાઈએ જાળમાં ફસાતી જોઈ બ્રાહ્મણે કહ્યું, બીજું તો કંઈ ન થાય પણ, વારંવાર માંદગી રહે. ધાર્યું કામ પાર ન પડે એવી આફતો નડે.

ભક્તનાં પત્નિ ભલે અજાણ અને ગામડાંના હતા પરંતુ ખોટા ધતિંગથી એ છેતરાય તેમ નહોતા. આ ધતિંગનો આશરો લેનારા બ્રાહ્મણના પગલાં આ બાઈ ઓળખી ગઈ હતી. આ બ્રાહ્મણ સંસ્કારનો છાંટો પણ નહોતો ધરાવતો. વિશ્રામ ભગતે એને સારો જાણી આશ્રય આપેલો.

બસ આ કારણથી એ કંઈ જ બોલે નહીં. એકવાર બાઈએ લાગ લીધો. ભગત ઘરમાં નહોતા તરત જ બ્રાહ્મણ પાસે બાઈ ગઈ. બ્રાહ્મણ તો રાજી થયો તેણે પુછ્યું બોલો બહેન શું કામ પડ્યું? ભગતની પત્નિએ તો એ બ્રાહ્મણને ધમકી આપી કે કાલ વહેલી સવારે ભાગી જજે નહિતર તારી ખેર નથી. બ્રાહ્મણ તો મૂંઝાઈ ગયો. બીજા દિવસે તો બ્રાહ્મણ ગુમ! વિશ્રામ ભગતની માથેથી સાચી પનોતીનો પનારો છુટ્યો.

# સત્સંગ સમાચાર દેશ

## મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ : મુન્દ્રા

ભક્તોની ભક્તિમાં દૃઢતા આવે તેમજ હરિભક્તોને ભજન, કીર્તન, કથા, સત્સંગની સુવિધા પ્રાપ્ત થાય તે માટે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે મંદિરોના નિર્માણની વાત કરી છે. શ્રીહરિની આ વાતને આદેશ તુલ્ય ગણીને શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા માંડવી, ભુજ અને અંજારને શિખરબદ્ધ ભવ્ય મંદિરોની પ્રાપ્તિ થઈ છે. કચ્છના કંઠી પ્રદેશના બંદરીય શહેર મુન્દ્રા મધ્યે વિશાળ જગ્યામાં શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરના નિર્માણ દ્વારા ભુજ મંદિરના મંદિર નિર્માણ કાર્યના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે. ભુજ મંદિરના વડીલ સંતોના આશીર્વાદથી, કર્મઠ સંતોના પરિશ્રમયુક્ત પુરુષાર્થથી તથા હરિભક્તોના સર્વ ક્ષેત્રિય સહકારથી મુન્દ્રા શહેરમાં નિર્માણ પામેલા આ મંદિરના કારણે હરિભક્તોને સેવા, ભજન, કીર્તન, કથા-વાર્તા, સત્સંગ, દર્શનના સુખનો લાભ મળશે.

નવનિર્મિત આ ભવ્યાતિભવ્ય મંદિરમાં તા. ૬-૧૨-૨૦૧૭ માગશર વદ ૩ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ માગશર વદ ૮ સુધી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વક્તા શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા પુ. સ્વામી ઘનશ્યામદાસજીએ પોતાની સરળ અને સુમધુર શૈલીમાં સદૃષ્ટાંત કથામૃતનું રસપાન કરાવી શ્રોતાગણને તૃપ્ત કર્યા હતા. કથા દરમ્યાન પ્રસંગોચિત કીર્તનોને સંગીતકાર સંતો સ્વામી શ્રીજીનંદનદાસજી તથા તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજીએ સુંદર સ્વરનિયોજન કરી કર્ણપ્રિય સંગીત દ્વારા પ્રસ્તુતિ કરી કથાને વધુ અસરકારક બનાવી હતી. આ મહોત્સવના મુખ્ય યજમાન કેરાઈ (હાલે મોસી-ટાંઝનીયા) સંત વચને સમર્પિત એવા હરિભક્ત પ.ભ. રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી, ધ.પ. અ.સૌ. ધનબાઈ સહપરિવાર રહ્યા હતા અને ધન્યતા અનુભવી હતી.

આ મહોત્સવના મંગલાચરણ રૂપ તા. ૫-૧૨-૨૦૧૭ના સાંજે શ્રીનીલકંઠ મહાદેવ મંદિર બારોઈ ગામથી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. આનંદ અને હર્ષોલ્લાસ સાથે યજમાન પરિવારની બહેનોએ સત્શાસ્ત્રો (પોથી) શિર પર ધારણ કરી ભારતીય પરંપરાનું ગૌરવ વધાર્યું હતું. હજારો હરિભક્ત ભાઈ-બહેનો અને મોટી સંખ્યામાં બ્રહ્મનિષ્ઠ સંતો પોથીયાત્રામાં જોડાયા હતા અને યાત્રા વાજતે-ગાજતે નવનિર્મિત મંદિરે પહોંચી હતી. જ્યાં પોથીઓને યજમાન પરિવાર દ્વારા ઉચિત સ્થાને પધરાવવામાં આવી હતી. પોથીયાત્રાના યજમાન માંડવી(હાલે મસ્કત)ના પ.ભ. કાનજીભાઈ મુરજીભાઈ રાબડીયા સહપરિવાર રહ્યા હતા.

તા. ૬-૧૨-૨૦૧૭ના સવારે પ્રાતઃસ્મરણીય પ.પૂ. ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્હસ્તે દીપ પ્રાગટ્ય સાથે ઉત્સવનો મંગલ પ્રારંભ થયો હતો. દીપ પ્રાગટ્યમાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, યજમાનો અને હરિભક્તો જોડાયા હતા.

પંચાહ્ન પારાયણ દરમ્યાન વિદ્વાન વક્તાશ્રીઓએ કથામાં આવતા પ્રસંગોને સદૃષ્ટાંત વર્ણવીને ભક્તિરસની ધારા વહાવી હતી. રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજન, રૂક્ષ્મણી વિવાહ આદિ પ્રસંગોનું તાદૃશ અને સચોટ વર્ણન તેમજ તેને અનુરૂપ કાર્યક્રમોએ સભામંડપમાં અદ્ભુત અને અલૌકિક વાતાવરણનું નિર્માણ કરી ભક્તજનોને ખુશ ખુશાલ અને ધન્ય બનાવી દીધા હતા. મહાઆરતી અને શાકોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

પંચાહ્ન પારાયણના આ પાંચ દિવસો મુન્દ્રાના હરિભક્તો અને સંપ્રદાયના અનુયાયીઓ માટે જીવનના યાદગાર દિવસો બની રહ્યા. એક તો મુન્દ્રાને વિશાળ ભવ્ય મંદિરની પ્રાપ્તિ થઈ હતી અને બીજું આ અનેરા અવસરે

ભુજ તેમજ સમગ્ર કચ્છભરમાંથી ઉપરાંત અમદાવાદ, જેતલપુર, છપૈયા આદિ ધામેધામથી સંતો અને સાં.યો. બહેનોની પધરામણીનો પ્રસંગ મુન્દ્રામાં પ્રથમ જ હતો. મુન્દ્રાની ભૂમિ સંતોની પદરજથી પાવન થઈ ગઈ !

તા. ૯-૧૨-૨૦૧૭નો દિવસ ખાસ હતો, આ દિવસે હરિભક્તોના હૈયામાં હર્ષના ઘોડાપુર ઉમટ્યા હતા. આ દિવસે પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન, કલ્યાણકારી મહાવિષ્ણુયાગ યજ્ઞ અને નવનિર્મિત મંદિરમાં ઠાકોરજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા એમ ત્રણ ત્રણ પાવનકારી પ્રસંગોનો ત્રિવેણી સંગમ થવાનો હતો. આવા પાવનકારી પ્રસંગોમાં ઉપસ્થિત રહેવું ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને જન્મજન્માંતરના પાપ ધોવા સમાન હતું. આ દિવસે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રીનરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા શ્રી સીતા રામની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક અતિ પવિત્ર અને ભક્તિમય વાતાવરણમાં પ્રાણ પ્રતિષ્ઠા ભવ્ય અને દિવ્ય રીતે કરવામાં આવી. આકર્ષક અને કલાકારીયુક્ત બેનમૂન કોતરકામથી કંડારેલા કાષ્ઠના સિંહાસન પર ઠાકોરજીની સૌમ્ય મૂર્તિઓના દર્શન માત્રથી અભિભૂત થઈ જવાય છે. વિઘ્નહર્તા દેવ શ્રી ગણપતિજી તેમજ કષ્ટભંજનદેવ શ્રી હનુમાનજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

તા. ૧૦-૧૨-૧૭ના મુન્દ્રા શહેરના રાજમાર્ગો શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષથી ગૂંજી ઊઠ્યા હતા. અગાઉ ક્યારેય ન જોઈ હોય તેવી શ્રીઠાકોરજીની તથા આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રાના દર્શન કરવા નગરવાસીઓ વહેલા રાજમાર્ગો પર ગોઠવાઈ ગયા હતા. પરંપરાગત રીતે માથા પર કળશધારી બહેનો સાથેની નગરયાત્રામાં સુંદર રંગબેરંગી ભારતીય વસ્ત્રો પરિધાન કરી હજારો હરિભક્ત ભાઈઓ-બહેનો અને મોટી સંખ્યામાં સંતો આ ભવ્ય શોભાયાત્રામાં જોડાયા હતા. આપણા સંપ્રદાયની ગરિમા જાળવતી ચોવીસીની ભજન મંડળીઓએ પોતાની આગવી અને વિશિષ્ટ પધ્ધતિથી તબલા અને ઝાંઝના સંગીત સાથે કીર્તનોની રમઝટ સાથે એક અદ્‌ભુત વાતાવરણ ખડું કર્યું હતું. ગણવેશમાં સજ્જ થયેલા કેરાના શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકો લેઝીમના દાવ રજૂ કરતા ગતિશીલ હતા. તો કેરા ગામના યુવકોની બેન્ડ તથા શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજની વિદ્યાર્થિનીઓની બેન્ડપાર્ટીઓ સુમધુર લયબધ્ધ સંગીતની સુરાવલિઓ સાથે એક અદ્‌ભુત આકર્ષણ જમાવી રહી હતી. આજના ઈન્ટરનેટ અને મોબાઈલના યુગમાં ભટકી ગયેલા યુવક-યુવતીઓ વચ્ચે પણ સાંપ્રદાયિક સંસ્કારોથી સજ્જ આવા યુવક-યુવતીઓની શ્રધ્ધા, ભક્તિ અને નિષ્ઠાએ ગૌરવ લેવા જેવી બાબત છે. શ્રી સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથેની બેન્ડ પાર્ટીઓની સૌ પ્રશંસા કરતા હતા. નગરયાત્રાનું મુખ્ય આકર્ષણ કેરા ગામના યુવક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ટેન્ક તથા અદ્યતન વાહનના ફ્લોટ રહ્યા હતા. આ વાહનમાં ઠાકોરજીના દર્શન ઉપરાંત આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી, વડીલ સંતો બિરાજમાન હતા અને સૌએ દર્શનનો લાભ લીધો હતો. યજમાનો, ટ્રસ્ટીઓ અને હરિભક્તો પણ આ વાહનમાં બેસી ધન્યતા અનુભવી રહ્યા હતાં. મુન્દ્રા શહેરના ઈતિહાસમાં આપણા સંપ્રદાયની આ

# જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે**

## ભુજ મંદિર - સમૂહ ભાગવત

સંવત્ ૨૦૭૪, ફાગણ વદ ૩૦, તા. ૧૭-૩-૧૮ થી ચૈત્ર સુદ ૬, તા. ૨૩-૩-૧૮ સુધી રહેશે.
આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**આપ પણ આપના પિતૃઓની પૂણ્ય સ્મૃતિમાં**

**પોથીના યજમાન થઈ શકો છો. સંપર્ક નં. ૦૨૮૩૨-૨૫૦૨૩૧**

પ્રથમ નગરયાત્રાના દર્શનથી સૌ નગરજનો અત્યંત પ્રભાવિત થયા હતા.

પંચાહ્ન પારાયણના પ્રથમ દિવસથી જ સંતો અને મહાનુભાવોના મનનીય, ચિંતનાત્મક અને પ્રેરણાદાયક પ્રાસંગિક પ્રવચનોનો લાભ અને આશીર્વાદની પ્રાપ્તિ શ્રોતાગણને થઈ હતી.

દીપ પ્રાગટ્ય બાદ ભુજ મંદિરના સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે આનંદની અભિવ્યક્તિ કરતાં જણાવેલું કે શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને સૌના સહયોગથી મંદિરનું નિર્માણ થઈ ગયું છે. સાથોસાથ તેના સુંદર સંચાલન અને વહીવટની જવાબદારી પણ આવી છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ કાર્ય પણ સુચારુ રીતે પાર પડશે. ઠાકોરજીની સેવા કરવામાં હરિભક્તો ક્યારેય પાછા પડ્યા નથી. યજમાનોની દિલેરીની પ્રશંસા કરતાં યજમાનો તેમજ મંદિર નિર્માણના કાર્યશીલ કર્મઠ સંતો અને હરિભક્તોને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સ.ગુ. સ્વામી ભગવત્‌જીવનદાસજીએ સ્થાનિક હરિભક્તોને મંદિરનો વધુને વધુ લાભ લેવા ભારપૂર્વક અનુરોધ કરી, સત્સંગમાં રહી ભક્તિને દૃઢ કરવા જણાવેલું અને હર્ષની લાગણી વ્યક્ત કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

જેતલપુરથી પધારેલા પી.પી. સ્વામીએ તેમજ છપૈયાના મહંત પૂ. વાસુદેવાનંદ બ્રહ્મચારીજીએ કચ્છના સત્સંગને શ્રેષ્ઠ સત્સંગનું બિરૂદ આપી બિરદાવેલ. તેઓએ અત્યંત પ્રસન્નતાપૂર્વક જણાવેલું કે કચ્છમાં સત્સંગનો જે વિકાસ થયો છે એવો વિકાસ ભાગ્યે જ ક્યાંક જોવા મળે.

કાળુપુર અમદાવાદ મંદિરના પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી હરિકૃષ્ણદાસજીએ ઉત્સવથી અત્યંત પ્રભાવિત થઈને જણાવ્યું કે કચ્છના ઉત્સવોમાં અવારનવાર આવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે અને મુન્દ્રાનો આ ઉત્સવ ચિર સ્મરણીય રહેશે.

ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ આનંદ અને ઉત્સાહ સાથે મુન્દ્રાના નવનિર્મિત મંદિરની નિર્માણ ગાથા રજૂ કરતાં કર્મઠ યુવા સંતો, મહેનતુ હરિભક્તો તેમજ ક્યારેય ન થાકતા સંપ્રદાયના યુવાધનને બિરદાવવાની સાથે સાથે યજમાનોની દાતારી અને સત્સંગીઓની સહાય માટેની તત્પરતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જ્યારે જ્યારે, જ્યાં જ્યાં અને જેની જેની પાસે સેવાની વાત કરી ત્યાં વિના વિલંબે સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયો અને દાનની સરવાણી વહી નીકળી છે. આવા હરિભક્તોની શ્રધ્ધા અને સેવાનું પરિણામ આજે આપણી સમક્ષ છે. તેમાંય તપોનિષ્ઠ સાં.યો. બહેનોની ખાસ ઉલ્લેખ કરી જણાવ્યું કે આજે જે કંઈ પણ રોનક દેખાય છે તે સાં.યો. બહેનોની અવિરત મહેનતનું પરિણામ છે.

મુન્દ્રા મધ્યે મંદિરનું નિર્માણ થાય તેવી ભાવના સાથે સતત પ્રયત્નશીલ એવા વડીલ સંત સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ ગદ્‌ગદિત સ્વરે મુન્દ્રામાં મંદિર નિર્માણ માટે થયેલા પ્રયત્નોની વાત કરતાં જણાવેલું કે આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં મુન્દ્રામાં નૂતન મંદિરના નિર્માણનું સ્વપ્ન મેં જોયેલું. તેના માટે જમીનો જોઈ, વિઘ્નો આવ્યા, જમીનોના વિવાદ થયા અને જોયેલી જમીનને બદલે આ પાવનકારી પુણ્ય સ્થળે મંદિરનું નિર્માણ થયું. મહારાજની જ્યાં ઈચ્છા હોય ત્યાં જ તેઓ બિરાજે અને

# જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે**

## ભુજ મંદિર : શ્રી નરનારાયણદેવ પાટોત્સવ

તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૦-૪-૧૮ સુધી રહેશે.

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**દેશ-વિદેશમાં વસ્તા હરિભક્તોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

મહારાજની ઈચ્છા મુજબ કાર્ય સંપન્ન થાય.વર્ષો પહેલાં જોયેલું સ્વપ્ન આજે સાકાર થયું છે. હવે તમે સૌ મંદિરને ભર્યું ભર્યું રાખજો. ખૂબ સત્સંગ કરજો અને ભક્તિમાં ક્યાંય કચાસ ન રહી જાય તેનું વિશેષ ધ્યાન રાખજો.

પ્રાતઃસ્મરણીય પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ અંતરના આનંદને વાચા આપતાં જણાવ્યું કે મુન્દ્રા શહેર પર ભગવાનની કૃપા થઈ છે અને આવું વિશાળ પરિસર ધરાવતા સુંદર અને ભવ્ય મંદિરનું નિર્માણ થવા પામ્યું. જમીનના વિવાદનો આછેરો ઉલ્લેખ કરી જણાવ્યું કે બધું શ્રીહરિની ઈચ્છા મુજબ જ થાય, ભગવાનને જ્યાં બેસવાનું હોય ત્યાં જ મંદિરનું નિર્માણ થાય. મંદિર તો બની ગયું હવે સૌ સાવધાન રહેજો, નિયમિત રીતે સત્સંગ કરજો, સંત સમાગમ કરજો, સંતોના સાંનિધ્યથી અને સંતોના યોગથી જ સત્સંગ સમજાય છે. આપણો સત્સંગ કેવો રૂડો છે તે સંતો જ સમજાવશે. આનંદની વાત એ છે કે કેરા, કુંદનપરની તપોનિષ્ઠ સાં.યો. બહેનોએ અહીં રહીને સત્સંગનો વિકાસ કરવાનો સુંદર સંકલ્પ કર્યો છે, તેઓએ ખૂબ જહેમત ઉઠાવી છે અને તેઓ અહીં રોકાશે. જરૂર પડે ભુજના સાં.યો. સામબાઈ ફઈની મદદ લેજો. ભજન-કીર્તન સત્સંગ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરજો. હરિભક્તોએ પણ તન, મન, ધનથી સેવા કરી છે તે સૌ હરિભક્તોને ધન્યવાદ આપી આનંદ વ્યક્ત કરતાં જણાવેલું કે સંતના વચને રહીને આ કાર્ય સંપન્ન કર્યું છે. હજુ ઘણા કામ કરવાના બાકી છે, આવો જ સહકાર આપતા રહેજો. તમારા સુખ-સમૃધ્ધિમાં વૃધ્ધિ થતી રહે એવા અમારા આશીર્વાદ સાથે ભગવાન તમને સદાય સુખિયા રાખે એવા અંતરના આશિષ છે.

પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજે આનંદની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું કે આજે સૌથી વિશેષ આનંદ વડીલ સંત સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીને થયો છે. વર્ષોથી જોયેલું સપનું સાકાર થયું છે. વડીલ સંતોનો સંકલ્પ, યુવા સંતોની મહેનત અને સમર્પિત હરિભક્તોની તન-મન-ધનની સેવાથી રૂડું મંદિર તૈયાર થયું છે. સૌથી રૂપાળા ભગવાન છે. નાના હોય કે મોટા હોય હરિભક્તના મનમાં જેવા ભાવ હોય તેવું રૂપ ભગવાનમાં દેખાય. મુન્દ્રામાં મંદિર બનાવવું બહુ મોટી વાત છે. આ કોઈ ચોવીસીનું ગામ નથી પણ અહીં ઘણા પ્રાંતમાંથી આવીને હરિભક્તો વસેલા છે, મુન્દ્રા મલ્ટી કલ્ચરલ સીટી છે તેથી અહીં સત્સંગ જાળવવાની મોટી જવાબદારી હરિભક્તો ઉપર છે. અહીં ભગવાન સાચવવાના છે. સત્સંગ સાચવવાનો છે. સત્સંગ હોય તો પરિવારમાં સંસ્કાર આવે. અહીંના યુવાનોમાં સંસ્કાર દેખાય છે, જે સત્સંગનું ભવિષ્ય દર્શાવે છે. ભગવાન સિવાય ઉદ્ધાર નથી, ભગવાન સાથે રાખશો તો બધા સંકલ્પો પાર પડશે. ભગવાન સિવાય બીજી વસ્તુ પાછળ દોડાય નહીં. મીરાબાઈનું ઉદાહરણ આપી જણાવ્યું કે સંપૂર્ણ સમર્પણ સાથે ભગવાનને સાથે રાખ્યા ત્યારે કૃષ્ણની પ્રાપ્તિ થઈ. મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિ એ માત્ર મૂર્તિ નથી. મૂર્તિમાં ભગવાન રહેલા છે. તેમની પાસે સાચા મનથી સંકલ્પ કરવાથી તે સિધ્ધ થાય છે. દાતાઓ, હરિભક્તો અને સંતોને બિરદાવી ભારપૂર્વક જણાવ્યું કે સત્સંગ સાચવશો તો સંસ્કાર સચવાશે અને સંસ્કાર હશે તો સુખની પ્રાપ્તિ થશે.

કથા દરમ્યાન દાતાઓ, યજમાનો, વિવિધ ખાસ

# જાહેર આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવાનું કે**

**ભુજ મંદિર - અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના સ્મરણાર્થે પંચાહ્ન પારાયણ**

તા. ૧૫-૫-૧૮ થી તા. ૧૯-૫-૧૮ સુધી રહેશે.

આ પ્રસંગે મહંત સ્વામી તથા આચાર્ય મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**કોઈ હરિભક્તને પૂ. સ્વામીની પૂણ્યસ્મૃતિમાં કથામાં આર્થિક સેવા કરવી હોય તો કોઠારમાં સેવા નોંધાવી શકો છો.**

બાબતોનો યજમાનો, સંતો, હરિસેવકો, કાર્યકરો સૌનું યથોચિત સન્માન/પહેરામણી વડીલ સંતો, મહંત સ્વામી અને આચાર્ય મહારાજશ્રીના વરદ્‌હસ્તે સ્મૃતિ ચિહ્નો, પ્રતીકો અને ફૂલહારથી કરવામાં આવ્યું હતું. સ્વાગત અને સન્માનાર્થે સુંદર અને સુગંધિત ફૂલમાળાઓ સંતોની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી.

આ અનેરા ઉત્સવનો આનંદ માણવા હજારો હરિભક્તો ઉમળકાભેર ઉમટી પડ્યા હતા. દરરોજ વિવિધ પકવાનો, મિષ્ટાન્નો, ફરસાણો સહિતનો મહાપ્રસાદ હરિભક્તોને પીરસવામાં આવતો હતો. પાંચ દિવસ દરમ્યાન ૫૦ હજારથી વધુ હરિભક્તોએ આ મહાપ્રસાદનો લાભ લીધો હતો. રસોડાની વ્યવસ્થા ખૂબ જ સુવ્યવસ્થિત રીતે સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી અને સ્વામી દિવ્યસ્વરૂપદાસજીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ યુવક મંડળ અને યુવતી મંડળ દ્વારા સંભાળવામાં આવી હતી.

પારાયણ દરમ્યાન સભાસંચાલક સ્વામી ઉત્તમચરણદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સુંદર, સરળ, સચોટ અને અસરકારક રીતે સંચાલન કરી પ્રસંગનો મહિમા વધાર્યો હતો.

મુન્દ્રા મંદિર હાલે કેરા-કુંદનપરની સાં.યો. બહેનો સંભાળશે. સાથોસાથ વહીવટ અને દેખરેખ માટે સંતો અને હરિભક્તોની સમિતિ બનાવવામાં આવી છે, જેના નામ આ મુજબ છે. સંતો (૧) સ્વામી દેવપ્રકાશદાસજી, (૨) સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, (૩) સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, (૪) સ્વામી ધર્મસ્વરૂપદાસજી, હરિભક્તો (૧) જયેશભાઈ વાઘજીયાણી, (૨) રસિકભાઈ રામજીભાઈ સોરઠીયા, (૩) હિતેશભાઈ નરભેરામ ઠક્કર, (૪) કાન્તીભાઈ પટેલ, (૫) કીર્તિભાઈ ચમનલાલ પરમાર, (૬) આશીષ કેશવભાઈ સોરઠીયા.

- સ્વામી દિવ્યસ્વરૂપદાસજી

---

## કથા પારાયણ : પ્રસાદી મંદિર

ગામ સુખપરના પ.ભ. અ.નિ. પિતાશ્રી



**શ્રી ઘનશ્યામ મહારાજને સુવર્ણ આભૂષણ અપર્ણ કરતા દાતાશ્રીઓ પ્રસાદિ મંદિર, ભુજ**

કાનજીભાઈ સામજી વરસાણી તથા માતુશ્રી વેલબાઈની પુણ્યસ્મૃતિમાં તેમના સુપુત્રો કલ્યાણભાઈ કાનજી ધ.પ. કકુબેન, લક્ષ્મણભાઈ કાનજી ધ.પ. પુરબાઈ, કુરજીભાઈ કાનજી ધ.પ. વેલબાઈ તથા નારણભાઈ કાનજી ધ.પ. રામબાઈ એમ ચાર ભાઈના પરિવારે સાથે મળી માવિત્રોની પુણ્યસ્મૃતિમાં પ્રસાદી મંદિરે તા. ૧-૧૨-૨૦૧૭ થી પંચાહ્ન પારાયણનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

કથા પારાયણના વક્તાપદે વિદ્યાર્થી સ્વામી રાઘવમુનિદાસજી, પુરાણી સ્વામી સર્વમંગલદાસજી, પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી તથા કોઠારી શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી એમ ચાર સંતો યમદંડ ગ્રંથની કથા પોતાની સરળ ભાષામાં પધારેલ વરસાણી પરિવાર તેમજ વિશાળ સંખ્યામાં આમંત્રિત ભક્તજનોએ લાભ આપ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મંદિરેથી શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી તથા પાર્ષદ માવજી ભગત વગેરે સંતો પધારી સભાની શોભાને વધારી હતી. તા. ૫-૧૦-૨૦૧૭ના સમાપ્તિના દિવસે સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીએ કાનજી બાપાની સેવાને યાદ કરી સમગ્ર પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાસંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. હરિભક્તોને ભોજનપ્રસાદની વ્યવસ્થા પુરાણી સ્વામી નૌતમમુનીદાસજીએ સંભાળી હતી.

પંચાહ્ન પારાયણ : ગામ સુખપરના પ.ભ.

માવજીભાઈ નારણ ભુડીયા(સુથાર) ધ.પ. અ.નિ. ભચીબાઈ માવજી ભુડીયા પરિવાર તરફથી ''જનમંગલ મહિમા''ની પંચાહ્ન પારાયણ તા. ૧૫-૧૧-૧૭ ના પ્રારંભ કરવામાં આવી હતી. વક્તાપદે સ્વામી ધર્મવિહારીદાસજી, પુરાણી સ્વામી રાઘવમુનિદાસજીએ પોતાશી સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

તા. ૧૯-૧૧-૧૭ સમાપ્તિના દિવસે માવજીભાઈએ મંદિરની વાડીમાં કરેલી સેવાને યાદ કરી સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજીએ રૂડા આશીર્વાદ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

પંચાહ્ન પારાયણ : ગામ સુખપરના અ.નિ. પ.ભ. રામબાઈ દેવજી વેકરીયા (પટેલ) તથા અ.નિ. દેવજીભાઈ રામજી વેકરીયાની પુણ્યસ્મૃતિમાં સુપુત્રો લાલજીભાઈ દેવજી વેકરીયા ધ.પ. હીરબાઈ, સુપુત્ર વિનોદ અને લક્ષ્મણ તથા પુત્રી વેલબાઈ તથા કુંવરબેન સહપરિવાર તરફથી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. અ.નિ. રતનબાઈ રામજી વેકરીયા તથા અ.નિ. કાનબાઈ રામજી વેકરીયાની પુણ્યસ્મૃતિમાં બે સંહિતાપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણનો પ્રારંભ તા. ૬-૧૧-૧૭ થી પૂર્ણાહુતિ તા. ૧૦-૧૧-૧૭ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સત્સંગી જીવનના ચોથા અને પાંચમા પ્રકરણની કથાનો લાભ આપેલો. સંભાસંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

મહાઆરતી : તા. ૨૬-૧૧-૨૦૧૭ના રોજ ગામ બળદીયા હાલે નાઈરોબીના પ.ભ. કેશરાભાઈ કરસન વાલાણીના સુપુત્ર મહેશના લગ્ન પ્રસંગે મહાઆરતીનું આયોજન કરલું. તેમાં મોટા મંદિરેથી પધારેલ પુરાણી સ્વામી વિશ્વવલ્લભદાસજીએ મહામંત્રનો મહિમા સમજાવી શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

સાથે ગામ સુખપર રોહાના પ.ભ. નાનજીભાઈ નારણ હિરાણી તરફથી ધૂન, કીર્તન સાથે મહાઆરતીની સેવાના યજમાન રહ્યા હતા.

તા. ૧૯-૧૧-૨૦૧૭ના ભુજના પ.ભ. ભાર્ગવભાઈ શંકલવાલાની સગાઈ થઈ તે નિમિત્તે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટા મંદિરેથી પધારેલ સંતો પૈકી સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

- સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

---

## ત્રિ-દિનાત્મક ભવ્ય ચતુર્થ પાટોત્સવ - ઈન્દૌર

ભુજધામ સંચાલિત ''શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, ઈન્દૌર'' ખાતે નિજ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોનો ચતુર્થ પાટોત્સવ પ્રસંગે ત્રિ-દિનાત્મક પારાયણ તા. ૮,૯,૧૦-૧૨-૨૦૧૭ના દિવસે ધામધૂમથી ભવ્યતાથી ઉજવવામાં આવેલ હતી.

આ પ્રસંગે ખાસ લાભ આપવા માટે ભુજધામથી સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી તેમજ ઈન્દૌર સત્સંગ ભવન સંચાલક શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા પુ. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી શ્રીજીપ્રિયદાસજી, આદિ સંત મંડળે પધારી ઉત્સવને શોભાવ્યો હતો.

ત્રિ-દિનાત્મક ઉત્સવ દરમ્યાન વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી રચિત ગ્રંથરાજ ''ભક્તચિંતામણિ'' અંતર્ગત પરચા પ્રકરણની પારાયણ ગોઠવવામાં આવી હતી. જેમાં વ્યાસાસને બિરાજી પુ. સ્વામી કેશવપ્રિયદાસજીએ પોતાની સુમધુર વાણીથી કથામૃતનું પાન કરાવ્યું હતું.

ઉત્સવ દરમ્યાન પારાયણ તથા પાટોત્સવના મુખ્ય યજમાનપદે પ.ભ. નારાયણભાઈ હરજીભાઈ ભાવાણી પરિવારે લાભ લીધો હતો. તેમજ ત્રણ દિવસના ભોજનપ્રસાદના યજમાનપદે પ.ભ. મણીલાલભાઈ રામજીભાઈ ભાવાણી, પ.ભ. વીરજીભાઈ શામજીભાઈ ભાવાણી, પ.ભ. કુંજબિહારીજી અગ્રવાલ તેમજ શ્રી હરિકૃષ્ણ મહારાજના અભિષેકના યજમાનપદે પ.ભ. દેવજીભાઈ કરશનભાઈ ગોગારી પરિવારે લાભ લીધો

હતો.

માગશર વદ ૮ના રોજ શ્રીઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ હોવાથી સવારે સત્સંગી બહેનો દ્વારા વિવિધ પકવાનોના થાળ, ફરસાણ વગેરે તૈયાર કરેલ તે શ્રીહરિકૃષ્ણ મહારાજના પંચામૃત અભિષેક બાદ અન્નકૂટના રૂપમાં ધરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સંતો તથા સર્વ યજમાનો સાથે આરતી કરવામાં આવીહતી.

આરતીબાદ સૌ ભક્તો મહાપ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. ઉત્સવમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો સહયોગ આપ્યો હતો.

- અહેવાલ મંત્રીશ્રી વિરજી શામજી ભાવાણી, ઈન્દૌર

---

## પંચાહ્ન પારાયણ, વચનામૃત જયંતી અને ગીતા જયંતીની ઉજવણી : અંજાર

શ્રી સ્વામિનારાયણ મંદિર, અંજારના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીમદ્ ભક્તચિંતામણી પરચા પ્રકરણ પંચાહ્ન પારાયણની કથાનું તા. ૨૨-૧૧-૨૦૧૭ થી તા. ૨૬-૧૧-૨૦૧૭ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું.

વક્તાપદે સ.ગુ. પુરાણી સ્વામી પરમહંસદાસજી, કોઠારી સ્વામી સંતસ્વરૂપદાસજી, શા. સ્વામી વેદાન્તસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. યજમાનપદે અંજારના અ.નિ. શાંતિલાલ પ્રાગજીભાઈ ઠક્કર, ધ.પ. અ.નિ. હેમલતાબેનની પુણ્યસ્મૃતિમાં તથા આ.મો. હસ્તે સુપુત્ર જગદીશભાઈ તથા જયેશભાઈ સહપરિવારે પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે આ કથાનું આયોજન કરેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો. પૂર્ણાહુતિ પ્રસંગે સગા સ્નેહીઓનું વક્તાશ્રી દ્વારા બહુમાન થયું હતું. તા. ૨૦ થી ૨૨-૧૧-૨૦૧૭ના રોજ વચનામૃત જયંતી નિમિત્તે ત્રિ-રાત્રી સત્સંગ સાંનિધ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે રાસોત્સવ, બીજા દિવસે કીર્તન-ભક્તિ તથા અંતિમ દિવસે વચનામૃતના સમૂહપાઠ, પૂજન આરતીનું આયોજન સાંજે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન થયું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગીતા જયંતી નિમિત્તે સર્વે હરિભક્તો દ્વારા તા. ૩૦-૧૧-૨૦૧૭ ગુરુવારે સવારે ૮:૦૦ વાગ્યે શ્રીમદ્ ભગવદ્ગીતા પૂજન તથા આરતી કરી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. પધારેલ સર્વે હરિભક્તોએ આ અલભ્ય લાભ લીધો હતો.

- ઠક્કર મેહુલકુમાર પ્રવિણચંદ્ર, અંજાર

---

## કથા પારાયણ : પ્રસાદી મંદિર

ગામ સુખપરના પ.ભ. અ.નિ. પિતાશ્રી વાલજીભાઈ અરજણ શિયાણી તથા સુપુત્ર અ.નિ. પ.ભ. ગોપાલભાઈ વાલજીની પુણ્યસ્મૃતિમાં તા. ૧૦ થી ૧૪ ડિસેમ્બર ૨૦૧૭ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે કૃષ્ણાનંદ સ્વામી વિરચિત શ્રીહરિ ચરિત્રામૃત ગ્રંથનું રસપાન વક્તાપદે બિરાજી કોઠારી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી, શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા શા. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ કરાવ્યું હતું.

પારાયણના યજમાનપદે ગં.સ્વ. માતુશ્રી માનબાઈ વાલજી શિયાણી તથા પુત્રવધુ ગં.સ્વ. કાન્તાબાઈ ગોપાલ રહ્યા હતા. તેઓની સાથે દીકરીઓ સાં.યો નાનબાઈ વાલજી તથા સાં.યો. શામબાઈ વાલજી શિયાણી તથા રામબાઈ પ્રવિણ રૂપાલીયા, હંસાબેન કાંતિ વેકરીયા, હિનાબેન વિરામ ભુડીયા તથા દિપલબેન ગોપાલ શિયાણી તેમજ ભાઈ પ્રેમજીભાઈ વાલજી ધ.પ. પ્રેમબાઈ સુપુત્ર હરિશ તથા રમેશ તથા બહેન હંસાબેન રહ્યા હતા. માવિત્રોની સેવા કરનાર જમાઈ પ્રવિણભાઈ સુપુત્ર ધ્રુવની સેવા ખૂબ જ રહી હતી તથા નાથાભાઈની સેવાને પણ યાદ કરી હતી.

- પુરાણી સ્વામી સર્વમંગલદાસજી

---

## શ્રી ઘનશ્યામ એકેડમી - નારણપરનો વાર્ષિકોત્સવ "અભિવ્યક્તિ"ની ઉજવણી

તા. ૨-૧૨-૧૭ શનિવારના રોજ શ્રી ઘનશ્યામ એકેડમી (C.B.S.E.), નારણપર શાળામાં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા નાના નાના ભૂલકાંઓથી માંડી ધોરણ ૧૨ સુધીના લગભગ ૪૫૦ બાળકોએ આ કાર્યક્રમમાં હોંશભેર ભાગ લીધો હતો. બાળકોનો ઉત્સાહ વધારવા આસપાસના ગામજનો તતા વાલીઓ તેમજ વિદેશથી પધારેલા મહાનુભાવો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડાયરેક્ટરશ્રી ઓમપ્રકાશ પારાસર, આચાર્યશ્રી સાકેત સિંઘ સર તથા વાઈસ પ્રિન્સિપાલ નીરજ શેઠીયાના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાર્ષિકોત્સવમાં રાજ્ય કક્ષાએ ખ્યાતિ પામેલ વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ, શાળા કક્ષાએ ઓવરઓલ સ્પોર્ટસ ચેમ્પિયન તથા શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં વિજેતા બનેલ હાઉસ, પ્રદર્શનીઓ વિજેતા બનનાર શિક્ષકોનું મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધારેલ ઈન્દ્રકુમાર મહેતા(D.I.G. BSF, Bhuj)ના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરિવારની વર્ષ ૨૦૧૭-૧૮ની ગતિવિધિ દર્શાવતું સામાયિક પત્રનું વિમોચન મુખ્ય અતિથિઓ, સંતો તથા ટ્રસ્ટીશ્રીઓના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

આ વાર્ષિકોત્સવમાં નીલકંઠ ભગવાનની યાત્રા દર્શાવતું નાટક, ફેન, ડાન્સ, હોરર ડાન્સ, શેરીનાટક, સમૂહગીત. અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતી નાટક, કવાલી, બધા રાજ્યોની એકતાને દર્શાવતું સમૂહનૃત્ય, નાના ભૂલકાઓનો ફેન્સી શો વગેરે કાર્યક્રમ રજૂ થયા હતા.

શાળા સંચાલક સંતમંડળ સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશ દાસજીના આશીર્વાદ અને ટ્રસ્ટીશ્રીઓ તથા ડાયરેક્ટર સરશ્રી, આચાર્યશ્રી તથા વાઈસ પ્રિન્સિપાલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નીરજ શેઠીયા તેમજ શિક્ષિકા માનસી ઠક્કરે સંભાળ્યું હતું.

- આચાર્યશ્રી

---

## ખેલ મહાકુંભમાં સ્વામિનારાયણ ગુરુકુલ, નારણપરનો ધમાકેદાર દેખાવ

ખેલ મહાકુંભ ૨૦૧૭માં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી નારણપરે પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો અને જુદી જુદી સ્પર્ધાઓમાં ઉચ્ચત્તમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાની યશની કલગીમાં વધુ એક સિધ્ધિનું પીછું ઉમેર્યું હતું.

કબડ્ડી અંડર-૧૭ વિભાગમાં ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ હિરાણી ઘનશ્યામ, વેકરીયા પ્રિતમ, વેકરીયા ઘનશ્યામ, શિયાણી અંકિત, હાલાઈ મુકુંદ, મેપાણી કરણ, ભંડેરી પંકજ, કેરાઈ મિતેશ, પાંડે ઉપેન્દ્ર, હાલાઈ રવિ, નારદાની વિનય, ગામી શ્યામ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું અને જિલ્લા કક્ષા માટે પસંદગી પામ્યા હતા.

આ ઉપરાંત હોકી (મહિલા વિભાગ) અંડર-૧૪ વિભાગમાં ૬ વિદ્યાર્થિનીઓ તેમજ અંડર-૧૭ (મહિલા વિભાગમાં) ૮ વિદ્યાર્થિનીઓ તેમજ ઉત્કૃષ્ટ દેખાવ માટે જિલ્લા કક્ષાએ સ્થાન મેળવી અને રાજ્ય કક્ષાએ પસંદગી પામી હતી અને હવે કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. એથ્લેટીક્સની જુદી-જુદી લગભગ તમામ સ્પર્ધાઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું નામ રોશન કર્યું હતું.

તમામ ખેલાડીઓના આ અદ્ભુત પ્રદર્શન બદલ ગુરુકુળના પૂજ્ય વિદ્વાન સંતો, ટ્રસ્ટીમંડળ, ડાટરેક્ટર સર, આચાર્યશ્રી, શિક્ષકો તથા વ્યાયામ શિક્ષકોએ આશીર્વાદસહ અભિનંદન પાઠવ્યા હતા.

- આચાર્યશ્રી

---

## પ્રસાદી મંદિરે પંચાહ્ન પારાયણ

ગામ સુખપરના અ.નિ. સાં.યો. વાલબાઈની પુણ્યસ્મૃતિમાં ભુજ પ્રસાદી મંદિરે સદ્ગુરુ નિષ્કુળાનંદ મુનિ વિરચીત ''શ્રી પુરુષોત્તમ પ્રકાશ'' ગ્રંથની તા. ૧૪ થી ૧૮ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.


ધનુર્સમાસમાં ધૂન કરતા હરિભક્તો, પ્રસાદિ મંદિર, ભુજ

આ પારાયણના મુખ્ય યજમાનની સેવાનો લાભ ગામ બળદીયાના પ.ભ. મનજીભાઈ કાનજી રાઘવાણી ધ.પ. અમરબાઈ, નારણભાઈ કાનજી રાઘવાણી ધ.પ. જશોદાબેન, કરસનભાઈ કાનજી રાઘવાણી, રમેશભાઈ કાનજી રાઘવાણી ધ.પ. પ્રવિણાબેન, વિરજીભાઈ કાનજી રાઘવાણી ધ.પ. દક્ષાબેન તથા સુખપરના પ.ભ. દેવશીભાઈ નારણ વેકરીયા આ બન્ને પરિવાર લીધો હતો.

તા. ૧૪-૧૨ના સવારે ગ્રંથ દેવોનું સ્થાપન પૂજન કરી ઠાકોરજીના શ્રીચરણોમાંથી પોથીયાત્રાનું પ્રસ્થાન થયું. વાજતે ગાજતે બજારમાંથી ફરી સભામંડપમાં આવેલી પોથીઓને વ્યાસપીઠ ઉપર પધરાવી કથાનો શુભ પ્રારંભ થયો.

કથા પારાયણના વક્તા કોઠારી શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ સંગીતના સૂરની સાથે પારાયણની શુભ શરૂઆત કરાવી હતી. બીજા વક્તા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી તથા શા. સ્વામી અક્ષરમુનિદાસજીએ પણ વ્યાસપીઠ ઉપર બિરાજી કથા રસપાન કરાવેલ. ગંગાનો પ્રવાહ સર્વેને આનંદિત તથા પાવન કરી દે તેમ આ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથની કથાનો પ્રવાહ સર્વેને આનંદિત કરી દીધા. આ પ્રસંગમાં સંગીતનો સાથ સંગીતકાર સ્વામી નીલકંઠમુનિદાસજી તથા સાથી મિત્રોએ આપ્યો હતો.

યજમાન પરિવારના ભાવભર્યા આમંત્રણને સ્વીકારી કચ્છ સત્સંગના બહેનોના ગુરુ મહંત સાં.યો. સામબાઈ ફઈ તેમજ સમગ્ર કચ્છ સત્સંગના સાં.યો.બહેનો આ ઉત્સવમાં પધારેલા તથા અગ્રગણ્ય હરિભક્તોમાં બળદીયાના પ.ભ. લક્ષ્મણભાઈ , નારણભાઈ, કરસનભાઈ તથા સુખપરના પૂજારી કાનજીભાઈ, શીવજીભાઈ વગેરે મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા હતા.

પરં ભગવદીય સાં.યો. વાલબાઈની પારાયણનો પ્રસંગ હોતા દરરોજ મોટા મંદિરેથી સંતો પારાયણમાં પધારી દર્શનનો લાભ આપતા. તેમજ અંજાર મંદિરેથી મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી વગેરે સંતમંડળ તથા માંડવી મંદિરેથી મહંત સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી સ્વયંપ્રકાશદાસજી પધારી યજમાનોને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

મોટા મંદિરેથી પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી વગેરે મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા પૂ. મહંત સ્વામીએ સાં.યો. વાલબાઈની ભક્તિ તથા યજમાન પરિવારની સત્સંગમાં સેવા તથા ધર્મ નિયમ અને ભક્તિની દ્રઢતાને યાદ કરીને તેઓને બિરદાવેલા તેમજ મંદિરવતી પહેરામણી આપી તેઓનું સન્માન કરેલું.

આ પાવન પ્રસંગે અગ્રગણ્ય હરિભક્તોને ખાસ કરીને સેવા કરનાર ભક્તોને યાદ કરીને સન્માનિત કરેલા. સર્વે સંતો ભક્તોનો રાજીપો તથા અંતરના આશીર્વાદ મેળવેલા. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

આ ઉત્સવ દરમ્યાન સર્વે વિદ્યાર્થી સંતોની સેવા ખૂબ હતી તથા રસોડાની સેવામાં સ્વામી નૌતમમુનિદાસજી તથા સ્વામી મુકુન્દમુનિદાસજી વગેરે સંતો તથા હરિભક્તોના રસોડા માટે કાનજી બાપાની ખૂબ મોટી સેવા હતી.

- પુરાણી સ્વામી સર્વમંગલદાસજી

---

## પંચાહ્ન પારાયણ : કોડાય-માંડવી

માંડવી-કોડાય મધ્યે નારણભાઈ મનજી તથા

કાનજીભાઈ મનજી રાબડીયા આદિ છ બંધુઓએ મળીને વાડીમાં પોતાના પિતૃઓની પુણ્યસ્મૃતિમાં જેમાં અ.નિ. દાદા માવજીભાઈ સામજી રાબડીયા, દાદીમા રામબાઈ, પિતાશ્રી અ.નિ. મનજીભાઈ માવજી, માતુશ્રી વેલબાઈ આદિ પરિવારની સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવતની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા શા. સ્વામી નારાયણપ્રિયદાસજીએ સંગીતના સથવારે રસપાન કરાવ્યું હતું. સભાસંચાલન પુરાણી સ્વામી મહાપુરુષદાસજી અને સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ સંભાળ્યું હતું. તા. ૧૭-૧૨-૧૭ થી તા. ૨૧-૧૨-૧૭ સુધી મોટી સંખ્યામાં ભક્તજનોએ કથા શ્રવણ કરીને સંતોષ પામ્યા હતા. ભુજ, અંજાર, પ્રસાદી મંદિર(ભુજ) થી સંતોએ પધારીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. કથા અંતર્ગત શ્રી રામ જન્મોત્સવ તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. સમાપ્તિના દિવસે માંડવી વિસ્તારના સમસ્ત ભક્તજનોને ભોજનરૂપી મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. માંડવી મંદિરના મહંત સ્વામી નિરન્નમુક્તદાસજી તથા પુ. સ્વામી સ્વંયપ્રકાશદાસજી તથા સ્વામી જયકૃષ્ણદાસજી દરરોજ બંને ટાઈમ પધારીને દર્શન આપતા હતા. માર્ગદર્શક પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી રહ્યા હતા.

- કો. સ્વામી સંતજીવનદાસજી

---

## ભવ્ય શાકોત્સવ : ખાંધાકોલોની-નવી મુંબઈ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, ખાંધાકોલોની-મુંબઈ દ્વારા માગશર વદ ૧૩, તા. ૧૬-૧૨-૧૭ શનિવારના રોજ ખાંધાકોલોની ગૌશાળા મધ્યે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરથી સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી વેદાંતસ્વરૂપદાસજી ઉપસ્થિત રહ્યા હતા. વક્તાપદે શા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ લોયામાં શ્રીજી મહારાજે શાકોત્સવ કર્યો તે કથા દ્વારા આબેહૂબ સમજાવીને 'સાચું સુખ સમજણમાં' એ વિષય ઉપર સત્સંગમાં બળપ્રેરક વાત કરી. પુરાણી સ્વામી પરમહંસદાસજીએ જ્ઞાન સાથે ગમત દ્વારા સત્સંગમાં નિષ્ઠાબળ વધે એવા આશીર્વાદ આપ્યા.

આ શાકોત્સમાં સ્થાનિક હરિભક્તો સાથે રહી રસોડાની સેવા સંભાળી અને લોયાના શાકોત્સવની યાદ તાજી કરાવી. અંદાજે ૮૦૦ જેટલા હરિભક્તો અને સ્થાનિક લોકોએ આ શાકોત્સવમાં લાભ લીધો. આ ઉત્સવમાં વશરામભાઈ પેથા ગજોરા તથા મેહુલ દાના આરેઠીયાએ પુત્રીના જન્મદિવસ નિમિત્તે સંપૂર્ણ સેવાનો લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન પુરાણી સ્વામી કપિલમુનીદાસજી તથા સ્વામી રામપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. આ ઉત્સવમાં શાકોત્સવ મહાપ્રસાદ સાથે ધૂન-કીર્તનનો લાભ લઈ હરિભક્તોએ આવા ઉત્સવ અવારનવાર કરવા સંતોને વિનંતી કરી હતી.

- પુરાણી સ્વામી કપિલમુનીદાસજી

---

## ૧૯૮મી વચનામૃત જંયતી : માંડવી

શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવીમાં બે દિવસીય વચનામૃત જયંતી ઉત્સવ ઉજવાયો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમની અમૃતવાણીના માધ્યમથી વેદો, પુરાણો, રામાયણ, મહાભારત જેવા અનેક શાસ્ત્રોનો સાર સંતો ભક્તોની આગળ કહ્યો. જેને પાંચ નંદ સંતો સ.ગુ.મુક્તાનંદ સ્વામી, સ.ગુ. ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. નિત્યાનંદ સ્વામી અને સ.ગુ. શુકાનંદ સ્વામીએ શબ્દે શબ્દ નોંધ્યો એવો આ ગ્રંથ છે. આપણા સંપ્રદાયનો અદ્વિતીય વચનામૃત ગ્રંથને ૧૯૮ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્ત બનાવીને બે રાત્રીય વચનામૃત મહિમાની કથા પુરાણી સ્વામી મહાપુરુષદાસજી તથા પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીએ સંભળાવી હતી. બીજે દિવસે (વચનામૃત જયંતી)ના દિવસે સમૂહમાં સંતો, સાંખ્યયોગી બહેનો તેમજ હરિભક્તોએ સાથે મળીને વચનામૃતના બે પાઠ કર્યા. પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ વચનામૃત પૂજન કરાવ્યું હતું. મહાઆરતી કરી યજમાન પ.ભ. કુંવરજીભાઈ મુરજીભાઈ વેકરીયા (પેથાવાળા) અને પ.ભ. હીરજીભાઈ દેવજીભાઈ હીરાણીનું સન્માન મહંત

સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજીના હસ્તે કરાયું હતું. સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી હરિમુકુંદદાસજીએ આશીર્વાદ દ્વારા ભક્તોને લાભ આપ્યો હતો. આ સમગ્ર ઉત્સવનું સંચાલન શા. સ્વામી ભક્તવત્સલદાસજી તથા સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કર્યું હતું.

-સ્વામી ન્યાલકરણદાસજી, માંડવી

## ત્રિ-દિવસીય ગીતા જયંતી મહોત્સવ : કોડાય

શ્રી સ્વામિનારાયણ મંદિર, કોડાય માંડવી મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય યુવાનો તેમજ માંડવી મંદિરના સંતો દ્વારા ગ્રંથરાજ ગીતાજીના જન્મદિનની ઉજવણી નિમિત્તે ત્રિ-દિવસીય રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સંતો તથા સમગ્ર કોડાય સત્સંગ સમુદાય દ્વારા સંપૂર્ણ ગ્રંથનો પાઠ તથા સમૂહ મહાઆરતી તેમજ સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૯-૧૧-૨૦૧૭ થી તા. ૧-૧૨-૨૦૧૭ સુધી ગીતા જયંતી માંડવીમાં પહેલી જ વાર ઉજવવામાં આવી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવીથી સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી આદિ સંત મંડળ દ્વારા ત્રિ-દિવસીય રાત્રી સભાના પારાયણમાં પહેલા દિવસે વક્તાપદે શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી તેમજ બીજા દિવસે શા. સ્વામી જયકૃષ્ણદાસજી તથા ત્રીજા દિવેસ શા. સ્વામી ભક્તવત્સલદાસજી રહ્યા હતા. આ ત્રણેયે વક્તાઓ પોતાની સરળ તથા સચોટ ભાષામાં ગીતાજીનો મહિમા અને તેના અર્થો સ્પષ્ટ કરીને સમજાવ્યા હતા. તેમજ શા. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સંપૂર્ણ સભાનું સંચાલન કર્યું હતું. તથા સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી તેમજ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પ્રાસંગિક પ્રવચનોથી ભક્તોને તરબોળ કર્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં કોડાય સત્સંગના કાર્યકર્તાઓ તથા વડીલો, યુવાનો, બાળકો, મહિલાઓએ ઉત્સાહભેર કથા શ્રવણ, ગ્રંથ પૂજન અને ગ્રંથના પાઠમાં બહોળા સમુદાય સાથે શ્રધ્ધાપૂર્વક જોડાયા હતા. ગીતા જયંતી મહોત્સવ પ્રથમ વાર ઉજવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ત્રણેય દિવસ ભોજનરૂપી પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. પ.ભ. નાનજી કુંવરજી વેકરીયા પરિવાર તરફથી બધા ભક્તોને ગીતાની ભેટ આપવામાં આવી હતી. શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની કૃપાથી આ ઉત્સવને નિર્વિઘ્નપણે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

- કોડાય યુવક મંડળ

---

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો

તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજિત શ્રી દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રાંગણમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી.

કાર્યક્રમના ઉદ્ઘાટા શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના કોઠારીશ્રી રામજીભાઈ દેવજીભાઈ વેકરીયા રહ્યા હતા. તેમજ સમારંભ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના અધ્યક્ષશ્રી રત્નાભાઈ દેવજીભાઈ કેરાઈ રહ્યા હતા. જેમાં મુખ્ય અતિથિની ભુમિકા મુરજીભાઈ શિયાણી તેમજ સમારંભના દાતાશ્રી ગોરસીયા એજ્યુકેશન સોસાયટી વતી રામુબેન, કચ્છ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ. સી.બી. જાડેજા તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ ભજવેલ હતી. આ ઉત્સવનો શુભ પ્રારંભ પધારેલ સર્વે મહેમાનશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય તેમજ સરસ્વતી વંદનાથી કરાયો હતો. ત્યારબાદ સંસ્થાના સહમંત્રીશ્રી લક્ષ્મણભાઈ હિરાણી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત તથા સંસ્થાની દિકરીઓ દ્વારા પુસ્તક તેમજ ખાદીના રૂમાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંસ્થાના અગિયાર વર્ષમાં સ્થાપનાથી કરી આજ દિવસ સુધીની સંસ્થાની પ્રગતિ તેમજ વિકાસનો તલસ્પર્શી પરિચય સંસ્થાના ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પિંડોરીયા દ્વારા કરવામાં આવ્યો હતો. તેમજ સંસ્થાનો અભ્યાસિક વિકાસ અને સિધ્ધીઓ હાંસિલ કરેલ શૈક્ષણિક તેમજ રમતગમત ક્ષેત્રની ઉચ્ચ સિધ્ધી બદલ તેઓને સત્કારવામાં આવેલ, તેમજ સંસ્થાના સમગ્ર સ્ટાફગણનું

ગૌરવવંતુ સન્માન કરાયું હતું. શાળાની આ સિધ્ધીઓને માન આપતા દાતાશ્રીઓએ પણ ખુલ્લા હૃદયે દાન નોંધાવ્યું હતું.

શાળાની આ દિકરીઓ દ્વારા કૃષ્ણચરિત્ર, દિકરીઓ દ્વારા ડ્રમ વગાડવું, પિરામીડ, ગુજરાતનો મહિમા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિરના અગ્રણી હરિભક્તો, વિદેશથી પધારેલા મહેમાનો, વાલીઓ તેમજ સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા. -આચાર્યશ્રી

---

## ભુજ નરનારાયણદેવ ધામે શાકોત્સવ

આપણા સંપ્રદાયની પરંપરા મુજબ અને શ્રીજી મહારાજે શરૂ કરાવેલ શાકોત્સવ સંપ્રદાયમાં ઉજવાતા વિવિધ ઉત્સવો પૈકી અનેરો આનંદ ધરાવતો ઉત્સવ છે. પ્રથમવાર શ્રીજી મહારાજે લોયા મુકામે હરિભક્તોની સાથે મળીને સ્વયં શાકનો વઘાર આપી હરિભક્તોને પ્રસાદ પોતાના કરકમલો દ્વારા પીરસ્યો. સૌ સંતો-હરિભક્તો ધન્ય ધન્ય થઈ ગયા. આવા અલૌકિક અવસરની અનુભૂતિ અર્થે લોયા શાકોત્સવની સ્મૃતિ શાશ્વત રહે તે માટે આપણા સંપ્રદાયમાં શાકોત્સવની ઉજવણી પ્રેમપૂર્વક ભક્તિભાવ સાથે કરવામાં આવે છે. આ પરંપરાની જાળવણી અર્થે દર વર્ષની જેમ જ શ્રી સ્વામિનારાયણ નરનારાયણદેવ મંદિરમાં માગશર વદ ૧૪, રવિવાર તા. ૧૭-૧૨-૨૦૧૭ના દિવ્યાતિ દિવ્ય શાકોત્સવનું આયોજન થયું. પ.પૂ. મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતો તથા યજમાનશ્રીઓના વરદ્હસ્તે શાકનો વઘાર આપીને શ્રીજી મહારાજે લોયા ધામે કરેલી શાકોત્સવની ઝાંખી કરાવી.

હજારો હરિભક્તોએ વડીલ વિદ્વાન સંતોના દર્શન, આશીર્વચન સાથે શાકોત્સવનો દિવ્ય મહાપ્રસાદ મેળવી જીવન કૃતાર્થ થયાનું અનુભવ્યું.

---

## વિદેશની યાત્રા કરીને પધારેલા સંતો

વિદેશમાં યુ.કે.ની ધરતી ઉપર આપણા ૮ મંદિરો આવેલા છે. અને વિશાળ સત્સંગ સમુદાય ત્યાં વશે છે. આ મંદિરોના પાટોત્સવ માટે અને ત્યાંના ભક્તોને સત્સંગ અને મહારાજનું સુખ આપવા માટે પૂજ્ય મહંત સ્વામીના આજ્ઞાથી દર વર્ષે પ્રસાદી મંદિરના મંડળના સંતો છ મહિના માટે યુ.કે. પધારે છે. આ વર્ષે અષાઢી બીજની રથયાત્રા ઉત્સવ ઉજવીને સદ્ગુરુ સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતોમાં મંડલેશ્વર સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી સાથે પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી આનંદમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજી હતા. આ સંતોના યુ.કે.ના સત્સંગ વિચરણ દરમ્યાન વિલ્સડન મંદિરનો પાટોત્સવ તથા મંદિર વિસ્તૃતિકરણ ઉત્સવ કર્યો. તેમજ વુલ્વીચમાં ૩૦ વર્ષ જુના મંદિરને નવું બનાવ્યું. તેમાં મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. કાર્ડિફમાં શ્રીઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉજવ્યો. તથા ઈષ્ટલંડન મંદિરમાં પણ તેવો જ ભવ્ય ઉત્સવ કર્યો. તેવી રીતે બોલ્ટન તથા ઓલ્ડહામના પાટોત્સવ પણ ભવ્ય રીતે ઉજવ્યા. હેરો મંદિર તથા સ્ટેનમોર મંદિરમાં પણ અનેક પારાયણોના ઉત્સવો કરીને સર્વે ભક્તોને સત્સંગનું ખૂબ સુખ આપ્યું. તથા મહારાજની આજ્ઞા પાળવાનું ખૂબ સુખ આપ્યું.

અહિંથી સ્વીડન દેશમાં પધાર્યા. ત્યાં મારીયા સ્ટેડ જોનર કોપીંગમાં પણ આપણા અનેક ભક્તો રહે છે. તેને સત્સંગનું સુખ આપ્યું. ત્યાંથી બાજુનો બીજો દેશ ડેગમાર્કમાં પ્રથમવાર ઠાકોરજી અને સંતોનું વિચરણ થયું. આવી રીતે છ મહિનામાં યુરોપના ત્રણ દેશોનું વિચરણ પૂર્ણ કરી ત્યાંના મંદિરોમાંથી વિદાય લઈ ત્યાંથી અરબસ્તાનના દેશોમાં દુબી વગેરે દેશોમાં પધાર્યા. ત્યાં મોટી સંખ્યામાં આપણા હરિભક્તો રહે છે. તેને સત્સંગનું બળ આપતા ૧ અઠવાડિયું રોકાઈને ત્યાંથી વિદાય લઈ તા. ૧૬-૧૨-૧૭ના ધનુર્માસના પ્રથમ દિવસે સાંજે ભુજ પધાર્યા.

મોટા મંદિરે ઠાકોરજીના દર્શન કરી પ્રસાદી મંદિરે પધાર્યા. ત્યાં ઠાકોરજીના દર્શન કર્યા. આ સમય દરમ્યાન સુખપરના સાં.યો. વાલબાઈની પારાયણ ચાલુ હતી. બળદીયાના રાઘવાણી પરિવાર યજમાન હતા. તો તેઓએ વિદેશની સત્સંગ યાત્રા પૂર્ણ કરી પધારેલા સંતોનું ભવ્ય સ્વાગત કર્યું. તથા બીજા દિવસે સવારે ધૂન સમાપ્તિ

સમયે ધૂન મંડળીના સર્વે ભક્તોએ છયે સંતોનું સ્વાગત કર્યું.

આવી રીતે આ સંતોની છ મહિનાની વિદેશયાત્રા શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજના શ્રીચરણોમાં પૂર્ણ થઈ.

- સ્વામી જનમંગલદાસજી

---

## વિદેશની યાત્રા કરીને પધારેલા સંતો

વિદેશમાં યુ.કે.ની ધરતી ઉપર આપણા ૮ મંદિરો આવેલા છે. અને વિશાળ સત્સંગ સમુદાય ત્યાં વશે છે. આ મંદિરોના પાટોત્સવ માટે અને ત્યાંના ભક્તોને સત્સંગ અને મહારાજનું સુખ આપવા માટે પૂજ્ય મહંત સ્વામીના આજ્ઞાથી દર વર્ષે પ્રસાદી મંદિરના મંડળના સંતો છ મહિના માટે યુ.કે. પધારે છે. આ વર્ષે અષાઢી બીજની રથયાત્રા ઉત્સવ ઉજવીને સદ્‌ગુરુ સ્વામી હરિજીવનદાસજીના મંડળના સંતોમાં મંડલેશ્વર સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી સાથે પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી આનંદમુનિદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજી હતા. આ સંતોના યુ.કે.ના સત્સંગ વિચરણ દરમ્યાન વિલ્સડન મંદિરનો પાટોત્સવ તથા મંદિર વિસ્તૃતિકરણ ઉત્સવ કર્યો. તેમજ વુલ્વીચમાં ૩૦ વર્ષ જુના મંદિરને નવું બનાવ્યું. તેમાં મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. કાર્ડિફમાં શ્રીઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉજવ્યો. તથા ઈષ્ટલંડન મંદિરમાં પણ તેવો જ ભવ્ય ઉત્સવ કર્યો. તેવી રીતે બોલ્ટન તથા ઓલ્ડહામના પાટોત્સવ પણ ભવ્ય રીતે ઉજવ્યા. હેરો મંદિર તથા સ્ટેનમોર મંદિરમાં પણ અનેક પારાયણોના ઉત્સવો કરીને સર્વે ભક્તોને સત્સંગનું ખૂબ સુખ આપ્યું. તથા મહારાજની આજ્ઞા પાળવાનું ખૂબ સુખ આપ્યું.

અહિંથી સ્વીડન દેશમાં પધાર્યા. ત્યાં મારીયા સ્ટેડ જોનર કોપીંગમાં પણ આપણા અનેક ભક્તો રહે છે. તેને સત્સંગનું સુખ આપ્યું. ત્યાંથી બાજુનો બીજો દેશ ડેગમાર્કમાં પ્રથમવાર ઠાકોરજી અને સંતોનું વિચરણ થયું. આવી રીતે છ મહિનામાં યુરોપના ત્રણ દેશોનું વિચરણ પૂર્ણ કરી ત્યાંના મંદિરોમાંથી વિદાય લઈ ત્યાંથી અરબસ્તાનના દેશોમાં દુબી વગેરે દેશોમાં પધાર્યા. ત્યાં મોટી સંખ્યામાં આપણા હરિભક્તો રહે છે. તેને સત્સંગનું બળ આપતા ૧ અઠવાડિયું રોકાઈને ત્યાંથી વિદાય લઈ તા. ૧૬-૧૨-૧૭ના ધનુર્માસના પ્રથમ દિવસે સાંજે ભુજ પધાર્યા.

મોટા મંદિરે ઠાકોરજીના દર્શન કરી પ્રસાદી મંદિરે પધાર્યા. ત્યાં ઠાકોરજીના દર્શન કર્યા. આ સમય દરમ્યાન સુખપરના સાં.યો. વાલબાઈની પારાયણ ચાલુ હતી. બળદીયાના રાઘવાણી પરિવાર યજમાન હતા. તો તેઓએ વિદેશની સત્સંગ યાત્રા પૂર્ણ કરી પધારેલા સંતોનું ભવ્ય સ્વાગત કર્યું. તથા બીજા દિવસે સવારે ધૂન સમાપ્તિ સમયે ધૂન મંડળીના સર્વે ભક્તોએ છયે સંતોનું સ્વાગત કર્યું.

આવી રીતે આ સંતોની છ મહિનાની વિદેશયાત્રા શ્રી નરનારાયણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજના શ્રીચરણોમાં પૂર્ણ થઈ.

- સ્વામી જનમંગલદાસજી

**:: અક્ષરવાસ નોંધ ::**

ગામ પિયાવા-માંડવીના અ.નિ. મનજીભાઈ લધાભાઈ ગાજપરીયા, ઉ.વ.૧૦૫, તા. ૧૫-૧૨-૧૭ના શ્રીજી ચરણ પામેલ છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાના શ્રીચરણોમાં અક્ષરધામમાં વાસ આપે આવી પ્રાર્થના.

માનકુવા (ભક્તિનગર)ના અ.નિ. કુરજીભાઈ ખીમજીભાઈ હીરાણી, ઉ.વ. ૮૫, તા. ૧૧-૧૨-૨૦૧૭ના શ્રીજી ચરણ પામેલ છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાના સાંનિધ્યમાં, અક્ષરધામમાં વાસ આપે એવી પ્રાર્થના.

માંડવીના અ.નિ. કુંવરજી મુરજી વેકરીયા ઉ.વ. ૫૫, તા.૭-૧૨-૨૦૧૭ના શ્રીજી ચરણ પામેલ છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને પોતાના સાંનિધ્યમાં, અક્ષરધામમાં વાસ આપે એવી પ્રાર્થના.

# ફૂલો લઇએ કાંટા નહિ




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્રો, જય શ્રીસ્વામિનારાયણ, કોઇના દોષો ન જોવા ગુણ જ જોવા કારણકે જેવું જોશો તેવું મળશે. તમે બગીચામાં રહેલા ગુલાબના છોડમાંથી શું લાવો છો ? ગુલાબ કે એમનામાં રહેલા કાંટા ? વાર્તા વાંચો અને વિચારો.

એક નાના શહેરમાં નાનો એવો બગીચો, બગીચામાં રમવું બાળકોને બહુ ગમે. કેટલાક બાળકો બગીચામાં દોડપકડ રમતા હતા. રમતાં રમતાં થાક્યા એટલે થાક ખાવા એક ઝાડ નીચે બેઠા. બાજુમાં ગુલાબનો બગીચો. એક બાળકની નજર ગુલાબના છોડ પર પડી. સુંદર-મજાનાં ગુલાબનાં ફૂલો જોઇને તે બાળક તો છોડ પાસે ગયો અને ફટ દઈને ગુલાબના ફૂલને ચૂંટી લીધું. ત્યાં જ તે ગુલાબનું ફૂલ બોલ્યું, મિત્ર, તું જ્યારે અમારી પાસે આવે છે ત્યારે, અમને એટલે કે ફૂલોને ચૂંટી લે છે, પરંતુ અમારી અંદર રહેલા કાંટાને રહેવા દે છે. તો કાંટા કેમ નથી લઇ જતો ?

બાળક તો ખિલખિલ હસવા લાગ્યો ને ફૂલને સૂંઘતાં બોલ્યો, તું તો અમને મીઠી સુગંધ આપે છે, જ્યારે કાંટા તો અમને ઈજા પહોંચાડે છે. આ સાંભળીને ફૂલ કહે, પરંતુ જ્યારે તું તો તારા મિત્રો માંથી કે સંતો-ભક્તોમાંથી તેમના ફૂલ જેવા ગુણોને રહેવા દઈને તેમના કાંટા જેવા દોષો જ ચૂંટે છે-ગ્રહણ કરે છે. તેનું શું કારણ ?

ફૂલની આ વાત સાંભળી તે બાળક તો વિચારમાં જ પડી ગયો. તેણે મનમાં વિચાર્યું કે મારે જરૂર આ વાતનો મર્મ સમજવો છે. ફૂલમાંથી કઇક શીખવું જોઇએ. બાળમિત્ર, તમે સમજ્યા ફૂલનો કહેવાનો અર્થ ?

ફૂલ આપણને એ શીખવાડે છે કે જેમ, આપણે બગીચામાંથી સુંદર ફૂલો લાવીએ પણ કાંટા નથી લાવતા. તેમ આપણે આપણાં મિત્રો કે સંતો-ભક્તોમાંથી કે અન્ય કોઇ પણ વ્યકિતમાંથી હંમેશાં ગુલાબ જેવાં સુંદર ગુણો જ લેવા અને તે જીવનમાં ઉતારવા. પરંતુ ક્યારેય કોઇના કાંટા જેવા દોષો જોઇએ નહિ અને તેના દોષો વિશે વિચારએ પણ નહિ.

દુર્યોધન હંમેશા સૌના દોષો જ જોતો, પરિણામે તે દુર્જન બન્યો. જ્યારે પાંડવો હંમેશા સૌના ગુણો જ જોતા, પરિણામે તેઓ સજ્જન બન્યા.

તમારે કોના જેવા થવું છે ? દુર્યોધન રૂપી કાંટા જેવા કે પાંડવોરૂપી ફૂલ જેવા ?

બાળમિત્રો, આંખ જેવું જુએ, તેવું મન વિચારે, મન જેવું વિચારે,

તેવું શરીર વર્તન કરે, અને જેવું વર્તન કરીએ, તેવું ફળ મળે, એટલે, જો આપણે સારું જોઇએ તો સારા વિચારો આવે, સારા વિચારો આવે તો સારું વર્તન કરીએ, અને સારું વર્તન કરીએ તો સારું ફળ મળે.

**આપણી પરંપરા આપણું ગૌરવ**

બાળ મિત્રો, સમૃદ્ધિ અને વિવિધતાથી શોભતી ભારતવર્ષની પ્રાચીન પરંપરા આપણા દેશની આગવી વિશેષતા છે. એકેઅકે ક્ષેત્રમાં નિપુણ નીવડેલા મહારથીઓથી ભારતવર્ષ શોભી રહ્યું છે. અશ્વિનીકુમાર થી લઇને વાગ્ભટ, નાગાર્જુન,ચરક, સુષેણ જેવા ઋષિઓએ આયુર્વેદ અને રસાયણ શાસ્ત્રમાં અમરત્વ પ્રાપ્ત કર્યું છે.

તો આર્યભટ્ટ, વરાહ-મિહિર અને ભાસ્કરાચાર્ય જેવા મહાન, ગણિતશાસ્ત્રીઓએ વિશ્વને અંકલિપિ, શૂન્યનો ઉપયોગ, દશાંશચિહ્ન, બીજગણિત જેવી અમૂલ્ય શોધોની ભેટ આપી છે.

તેમજ રાજનીતિમાં વિદુરથી લઈને શુક્ર, કણિક, ચાણક્ય, વિદ્યારણ્ય, જેવા રાજનીતિજ્ઞોએ આપણને રાજનીતિ અને અર્થવ્યવસ્થા શીખવી છે. પાણિનીનો અષ્ટાધ્યાયી જેવો વ્યાકરણ ગ્રંથ આજે પણ ભાષા શાસ્ત્રના જગતમાં એક અદ્ભુત ચમત્કાર માનવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં તેની તોલે આવે તેવો કોઇ વ્યાકરણ ગ્રંથ નથી.

તદ્ઉપરાંત દેશની આઝાદીના અર્વાચીન સમયમાં પણ લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, લાલા લજપતરાય, સારદાર પટેલ જેવી મહાનતમ વિભૂતિઓ પ્રાપ્ત થઇ છે. ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, સુભાષચંદ્ર બોઝ જેવા અનેક ભારતમાતાના સપૂતો દેશ માટે સર્વસ્વ અર્પણ કરીને હસતા હસતા શહીદ થઇ ગયા છે. આમ ભારતભૂમી માટે સર્વસ્વ ન્યોછાવર કરી દેનારા અને બલિદાન દેનારા રત્નોની પરંપરા આપણને મળી છે.

મિત્રો, ભારતના સમૃદ્ધ વારસાની અમૂલ્ય પરંપરાને આપણે જાળવવાની છે. જેમાં આપણું ગૌરવ છે.

બોલો ભારત માતા કી જય...

## -: જાણવા જેવું :-

ભગવાનની અદ્‌ભુત રચના

૧, દુનિયાભરમાં વિધવિધ પ્રકારની ઈમારતો બાંધતા ઈજનેરોની જેમ પક્ષી જગતમાં પણ પક્ષીઓ અનેક ખૂબીઓ ધરાવતા માળા બાંધે છે. ભગવાન પક્ષીઓને પણ અદ્‌ભુત રચના શક્તિ આપી છે.

૨, ઝાડની ડાળીપર, પથરાળ જમીન કે બખોલોમાં જોવા મળતાં પક્ષીઓના માળા દેખાવમાં ભલે સામાન્ય લાગે, પરંતુ તે ઘણા ટકાઉ અને આરામદાયક હોય છે.

૩, વિવિધ પ્રકારનાં માળા બાંધતા પક્ષીઓની કલા-કારીગીરી જોતાં પક્ષીઓની કુશળતા જોવામાં આવે છે.

૪, દરેક પક્ષીઓના માળાની વિશિષ્ટતા હોય છે. ચકલાં પોતાનો માળો મકાનોમાં કે છાપરા નીચે બાંધે છે. તો દરજીડો પોતાનો માળો પાંદડાઓને સીવીને બનાવે છે. પાંદડા સીવવાના દોરા તરીકે તે ઝીણાં તાંતણાં, કરોળિયાનાં જાળાં અને રેશમના કોશોમાંથી મળતાં રેશમના પાતળાં તાંતણા વાપરે છે.

૫, તો સૌથી શ્રેષ્ઠ ગણાતો સુગરીનો માળો તો કલા અને કારીગીરીનું ઉત્તમ ઉદાહરણ છે. ઝાડની ડાળી પર લટકતો સુગરીનો માળો ઘાસ અને વાંસના રેસાઓમાંથી બનેલો હોય છે. તેના માળાની વિશેષતા એ છે કે તે. પવનના સૂસવાટા સામે પણ ટકી શકે છે.

૬, લક્કડખોદ જેવા પક્ષીઓ તેની મજબૂત ચાંચથી ઝાડના કોતરીને તેમાં પોલાણ કરીને તેનો માળો બનાવે છે. તો સુરખાબ જેવા પક્ષીઓ જમીન પર માટીના ઊંધા કુંડ જેવા આકારનો માળો બનાવે છે.

---

### -: ઉખાણાં :-

એક એવો બહાદુર વીર, ગીત ગાઈને મારે તીર.
બે ભાઈ ચાલ્યા જાય, આગળ પાછળ થતા જાય.
ચાલે પણ ચરણ નહિ, ઉડે પણ પાંખ નહિ
માણસથી સહેવાય નહિ, જોઈને સૌ કોઈ ચોળે આંખ.

### કોણ શું કહે છે.

| | | |
|---|---|---|
| ૧ | ઘડિયાલ | - સમય ચુકશો નહિ. |
| ૨ | ધરતી | - સહનશીલ બનો |
| ૩ | દરિયો | - વિશાળ દીલ રાખો |
| ૪ | વૃક્ષ | - પરોપકારી બનો |
| ૫ | કીડી | - સંગઠન બળ કેળવો |
| ૬ | કૂકડો | - વહેલા ઊઠી કામે લાગો. |
| ૭ | બગલો | - કાર્યમાં ચિત પરોવો |
| ૮ | સૂર્ય | - નિયમિત બનો. |
| ૯ | મધમાખી | - ઉદ્યમી બનો |
| ૧૦ | કોયલ | - મીઠાં વચનો બોલો |
| ૧૧ | કૂતરો | - ધંધામાં વફાદાર રહો. |
| ૧૨ | કાગડો | - ચતુર બનો |
| ૧૩ | ગુલાબ | - દુઃખમાં પણ હસ્તા રહો. |
| ૧૪ | દીવો | - પોતે બળી ઉજાસ આપો |

## -: શબ્દ રચના :-

બાળમિત્રો, અહીં શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ આપેલ આજ્ઞાઓને દર્શાવતાં વક્યો આપેલા છે. પણ તેમાં કેટલાક અક્ષરો ખૂટે છે. તે તમે યોગ્ય અક્ષર મુકી વાક્ય પૂર્ણ કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રી | | | ર | | | |
| | સ | | | વું | | | |
| | ગા | | | | મ | | |
| અ | | ઘા | | | | | |
| | સા | | ક | | | | |
| દા | | | પી | | | | |
| | | ણ | | | | વા | |
| અ | | મા | | | ક | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તિ | | | | ર | | | |
| | પ | | | વો | | | |
| | મા | | મ | | ર | | |
| મા | | | | જા | | | વી |
| | દ | | ક | | | | |
| ક | | | | વી | | | |
| આ | | | | પૂ | | વા | |
| સે | | | રા | | | | વુ |

### -: હસ્તા રહો :-

પિતા : મુના, તું શા માટે આમ તાપમાં બેઠો છે ?

મુનો : પપ્પા, મને બહુ પરસેવો વળ્યો છે. એટલે એ સૂકાવી રહ્યો છું.

રિંકી : મુની, તું કીડીઓની પાછળ પાછળ કેમ ફરે છે ?

મુની : મમ્મીએ મીઠાઇ કયાં છુપાવી છે એ ખબર પડે ને એટલે..

ડોક્ટર : તમારી તબિયતમાં ખાસ વાંધા જેવું નથી. આ ગોળી સવાર-સાંજ

લેજો અને ખૂબ ચાલવાનું રાખજો. હા, પણ તમે કરો છો શું ?

દર્દી : હું ટપાલી છું.

- એક અવકાશવિજ્ઞાની રાત્રે ટેલિસ્કોપ લઈને આકાશમાં જોઈ રહ્યો હતો.
- બાજુમાં નાનકડો ચિંતન ક્યારનો બેઠો બેઠો એમને જોઈ રહ્યો હતો. ત્યાં અચાનક એક તારો ખર્યો. એ જોતાં જ ચિંતન તાળી પાડીને બોલ્યો, 'વાહ !
- શું નિશાન લગાવ્યું છે ?'

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ સહપરિવાર
૫૦૦/- સંજય લાલજી દબાસીયા, માનકુવા, પુત્રીના જન્મ નિમિત્તે ભેટ
૫૦૧/- દિનેશ પ્રેમજી વેકરીયા ધ.પ. કંચનબેન વેકરીયા, નારણપર ની.વા. લગ્ન નિમિત્તે ભેટ
૨૫૦/- મિતલબેન રવજી નારણ ભંડેરી, નારણપર ની.વા., લગ્ન નિમિત્તે ભેટ
૫૫૫/- હરિશ હીરજી દેવજી વરસાણી, કોડકી હાલે દિલ્હી, પુત્ર જન્મ નિમિત્તે ભેટ
૫૫૦/- લાલજી પ્રેમજી વેકરીયા, નારણપર ની.વા., નવા મકાનના વાસ્તુપૂજન નિમિત્તે ભેટ
૨૫૦/- અ.નિ. વીરબાઈ મનજી નારણ, કેરા, તેમની પુણ્ય સ્મૃતિમાં ભેટ
૨૫૦/- મનજી નારણ દેવશી, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૦૦/- દર્શિની પ્રવિણ પિંડોરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ
૫૫૧/- અ.નિ. જાદવજી કાનજી ભુડીયા, હ. ગોપાલભાઈ કાનજી ભુડીયા, નારણપર હાલે તા. ૧૪-૧૧-૧૭ના રોજ અક્ષર નિવાસી થતાં તેમના મોક્ષાર્થે ભેટ
૧૦૦૦/- ટીના, ટીંકલ, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૦૦/- ભાવેશ નારણ પિંડોરીયા હ. કાન્તાબેન નારણ, ભુજ, જન્મદિવસ નિમિત્તે ભેટ
૨૦૦/- પુનિત નારણ પિંડોરીયા હ. કાન્તાબેન નારણ, ભુજ જન્મદિવસ નિમિત્તે ભેટ
૫૦૧/- મનજી રામજી કેરાઈ, કેરા, નવી સ્કોપીયો ગાડી ખરીદી કરી તે નિમિત્તે ભેટ
૧૫૧/- જીતેશ જાદવા લાલજી હિરાણી, ફોટડી, જીતેશના જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- રિંકલબેન રામજી વરસાણી હ. રવિભાઈ, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ
૧૫૧/- મેઘજી નાનજી સાંખલા, નેત્રા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ
૨૦૦/- રૂપેશ રવજી જેસાણી, દહીંસરા, લગ્ન નિમિત્તે ભેટ
૨૫૧/- ભરત ખીમજીભાઈ હીરાણી, મેઘપર, સગાઈ નિમિત્તે ભેટ
૫૦૦/- અરવિંદ વિરજી વરસાણી, વનિતાબેન વિરજી વરસાણી, ગોધરા-માંડવી, લગ્ન પ્રસંગે ભેટ
૧૫૧/- અર્જુન અશ્વિનભાઈ નારણભાઈ પોકાર, નડિયાદ, જન્મ નિમિત્તે ભેટ
૨૦૧/- દિનેશ દેવજી દબાસીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ






ભુજ મંદિર દ્વારા અબડાસા વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોને તથા બાળકોને ધાબળા, અનાજ સાથે પ્રસાદનું વિતરણ



શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ-૨૦૧૭ - મિરઝાપર (ભુજ)



ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવનનો ચોથો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો, ઈન્દોર - મધ્યપ્રદેશ



કચ્છશ્રી નરનારાયણદેવ યુવક/યુવતી મંડળ ખાંધા કોલોની દ્વારા શાકોત્સવ - નવી મુંબઈ



અ.નિ. સાં.યો. વાલબાઈ સુખપરની પૂણ્ય સ્મૃતિમાં રાઘવાણી પરિવાર દ્વારા પારાયણ આયોજન, પ્રસાદિ મંદિર ભુજ



પવિત્ર ધનુર્માસમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતાં સંતો તથા ભકતો - ભુજ



શાકોત્સવની સેવામાં બહેનો - ભુજ



શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સભામંડપમાં પંચાહ્ન પારાયણ પ્રસંગે પહેરામણી સ્વીકારતા સિદ્ધપુરા ગુજરાતના હરિભક્તો






શ્રી ઘનશ્યામ એકેડેમી વાર્ષિક ઉત્સવ ૨૦૧૭ - નારણપર ગુરૂકુલ

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018

# સદ્‌ગુરુ સ્વામી કેશવપ્રસાદદાસજીનો અક્ષરવાસ



અંતીમ દર્શન







પાલખી યાત્રા







અંતીમ સંસ્કાર



સ્મરણાંજલી સભા

